



સમગ્ર ગુજરાતના કિસાનોનું પ્રતિનિધિત્વ કરતું એક માત્ર સાપ્તાહિક

# કિસાન સંદેશ

વર્ષ : ૧૮, અંક : ૫૦, સળંગ અંક : ૯૧૪, તારીખ : ૦૮-૦૫-૨૦૧૭, સોમવાર, કિંમત રૂા. ૪-૦૦, મુદ્રક : પ્રકાશક : તંત્રી : લક્ષ્મણભાઈ પટોળીયા, સહતંત્રી : બાબુભાઈ કે. પટેલ

(માલિક : કિસાન સંદેશ પ્રકાશન ટ્રસ્ટ, ગુજરાત પ્રદેશ વતી) ''બલરામ મંદિર પરીસર'', સેક્ટર-૧૨/ડી, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૪૯૧૬

R.N.I. No. 71193/99, Reg. No. GNR 313, Posting Dt. 08/05/2017, RMS G'nagar, Valid up to 31/12/19


## દક્ષિણ ગુજરાત ઝોન-૨, સૌરાષ્ટ્ર ઝોન-૨ અને મધ્ય ગુજરાત ઝોન-3 ની વિશેષ ઝોન બેઠકો સંપન્ન થઈ

**(૧) દક્ષિણ ગુજરાત ઝોનની બેઠક કરજણ માર્કેટયાર્ડ ખાતે તા. ૩૦ એપ્રિલે વડોદરા, ભરૂચ અને નર્મદા (૨) સૌરાષ્ટ્ર (સાગરી ઝોન)ની બેઠક આકોલવાડી તલાલાગીર ખાતે તા. ૧ એપ્રિલે જૂનાગઢ, પોરબંદર, અમરેલી, સા કુંડલા અને ગીર સોમનાથ (3) મધ્ય ગુજરાત ઝોનની બેઠક સ્વામીનારાયણ ધામ કુંડળ તા. બરવાળા ખાતે અમદાવાદ, ખેડા, આણંદ, બોટાદ અને ભાવનગરની બેઠકો યોજાઈ. તમામ ૧૩ જિલ્લાઓના ૪૦ તાલુકાની કારોબારીના સભ્યો ૭૦૦ ની સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.**

તમામ બેઠકોમાં શ્રી મગનભાઈ પટેલ રા. કાર્ય સદસ્ય, પ્રદેશ અધ્યક્ષશ્રી વિઠ્ઠલભાઈ દૂધાત્રા, પ્રદેશ સંગઠનમંત્રીશ્રી અશોકભાઈ પટેલ તથા શ્રી બી.કે. પટેલ પ્રદેશ મહામંત્રી સહિતના તમામ જે તે વિભાગના પ્રદેશ પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં રામુભાઈ શેરથીયા, મણીભાઈ પટેલ, શ્રી ઉકાભાઈ પટોળીયા, રામાજી ઓડેદરા, પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી શામળભાઈ પટેલ, પ્રદેશમંત્રી રતનસિંહ રાઠોડ, પ્રહલાદભાઈ પટેલ, દેવરાજભાઈ ઈસામીલીયા, વલ્લભાઈ પંચાણી, સજીવખેતી પ્રદેશ અધ્યક્ષ મહેન્દ્ર પટેલ (નડીયાદ) વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

કુંડળ ખાતેની ઝોન બેઠકમાં પૂ.સંતશ્રીએ કિસાનોએ પોતાના પ્રશ્નો માટે આદર્શ સંગઠન બનાવવું જોઈએ ખેતી કાર્ય કરતાં કરતાં સાથે હવે સજીવ ખેતી કરવા પણ કાર્યકર્તાઓને અપીલ કરી હતી હવેના સમયમાં આ જરૂરી છે તેમ જણાવી સંગઠન આદર્શ બને તેવા આશીર્વાદ આપ્યા હતા.

તમામ ઝોન બેઠકોમાં પ્રસ્તાવિક, બેઠકની પૂર્વ ભૂમિકા, સંગઠનની ગતિવિધી, સમસ્યાઓ અને તેના માટે આગામી કાર્યક્રમો અંગે વિચાર વિમર્શ પણ થયેલ અને તમામ બેઠકોમાં જીલ્લા સહ બેઠકો પણ થયેલ અને તમામ જીલ્લાઓમાં જિલ્લાની જાહેર સભાઓ રેલી અને કલેક્ટરને આવેદન પત્ર આપવાના કાર્યક્રમો નક્કી કરવામાં આવ્યા હતા. આગામી સમયમાં તમામ સ્તરે હવેથી સક્રીય તાલુકા - જીલ્લા બેઠકો થાય અને નાના મોટા પ્રશ્નો માટે દર માસે તમામ મામલતદાર શ્રીઓ સાથે અને દર બે માસે પ્રાંત કલેક્ટરશ્રી સાથે અને દર 3 માસે જીલ્લા કલેક્ટર સાથે બેઠકો કરવામાં આવશે. નવી દિલ્હીમાં આગામી સમયમાં બનનાર કેન્દ્રીય કાર્યાલયમાં તમામ તાલુકાના મુખ્ય કાર્યાર્કર્તાઓ સહયોગ આપશે તેવું પણ નક્કી કરવામાં આવ્યું હતું.

### ભારતીય કિસાન સંઘ, ગુજરાત પ્રદેશ દ્વારા

## મધ્ય ગુજરાત ઝોનના પાંચ જીલ્લાના કાર્યકરોની વિશેષ બેઠક યોજાઈ...

ભા. કિ. સંઘ, ગુજરાત પ્રદેશ દ્વારા મધ્ય ગુજરાત ઝોનના પાંચ જીલ્લાના તમામ તાલુકા જીલ્લા કારોબારીના સભ્યોની વિશેષ ઝોન બેઠક બરવાળા તાલુકાના સ્વામિનારાયણ ધામ, કુંડાલ ખાતે યોજાઈ ગઈ. જેમાં ઉદ્‌ઘાટન કરતાં દીપ પ્રાગટ્ય કુંડળધામના સંતો શ્રી વિનય પ્રકાશ સ્વામિ તથા પુરાતન સ્વામીએ કિસાનોના સંગઠન માટે આશીર્વચન આપતાં સજીવ ખેતી માટે પણ પ્રચાર કરી તેના માટે પ્રયાસો કરવા જણાવેલ. પ્રદેશમાંથી ઉપસ્થિત મા. મગનભાઈ પટેલ રાષ્ટ્રીય કાર્યકારીણી સદસ્યશ્રીએ કૃષિ કિસાનોની મૂળ સમસ્યાઓ અંગે માર્ગદર્શન કરતાં સમગ્ર તથા આકલન કરતાં રાષ્ટ્રીયની વૈશ્વીક, સામાજીક અને કૃષિની - કિસાનોની સમસ્યાઓની વાત કરીને સંગઠનના ૩૭ વર્ષના ભૂતપૂર્વ આંદોલન - સંઘર્ષને યાદ કરીને ફરીથી આપણે અનેક સમસ્યાઓથી ઘેરાઈ ગયા છીએ ત્યારે આગામી સમસ્યા તમામ જીલ્લાઓમાં સભાઓ કરીને મોટી સંખ્યામાં રેલી - અને કલેકટરને આવેદનપત્રો આપવાના કાર્યક્રમો નક્કી કરવા આહ્‌વાન કર્યું હતું જેમાં અમદાવાદ જિલ્લામાં ૨૯-૫ તા. ખેડા જિલ્લામાં ૭ જૂન, તા. ભાવનગર જિલ્લામાં ૩૧ મે, તા. બોટાદ જિલ્લામાં ૧૫ મે તા. નક્કી કરવામાં આવેલ છે. જે દિવસોમાં કાર્યક્રમો યોજવા નક્કી કરવામાં આવેલ છે.

**● અમદાવાદ, ખેડા, આણંદ, ભાવનગર અને બોટાદ જીલ્લાના તમામ મુખ્ય ૨૦૦ કાર્યકરોની હાજરીમાં આગામી કાર્યક્રમોની યોજના બનાવાઈ ● કિસાનોની રોજિંદી સમસ્યાઓ સહિત વૈશ્વિક, સામાજીક સમસ્યાઓ અંગે આગામી સમયમાં તમામ જીલ્લાઓમાં રેલી - જાહેર સભા અને આવેદન પત્રોના કાર્યક્રમો યોજાશે.**

બેઠકમાં પ્રદેશ સંગઠનમંત્રી અશોકભાઈ, ઉપાધ્યક્ષ શામળભાઈ ચૌધરી, મહામંત્રી બી.કે. પટેલ, સંચાલક પ્રહલાદભાઈ પટેલ, પ્રદેશ સજીવખેતી અધ્યક્ષ મહેન્દ્રભાઈ પટેલ, પ્રદેશ પ્રતિનિધિઓ શ્રી હસમુખભાઈ ડાભી, દેવરાજભાઈ તેમજ વલ્લભભાઈ પાંચાણી સહિત તમામ જીલ્લાના પ્રમુખ, મંત્રી, કોષાધ્યક્ષ તેમજ તાલુકાના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.


**ભૂગર્ભ જળ સંશોધન**

**ખેતરમાં કૂવો-બોર કરતા પહેલા**

**વૈજ્ઞાનિક પદ્ધતિએ ઈલેક્ટ્રોનીક કમ્પ્યુટરાઈઝડ મીટરથી જગ્યા નક્કી કરી શકાય.**

**રતીલાલ સુદાણી, આણંદ**

**ફોન નં. - ૦૨૬૯૨ - ૨૬૩૬૧૧**

**મો. ૯૪૨૭૩૮૨૩૬૮, ૯૯૭૮૧૧૫૯૬૮**

**સાપ્તાહિક સુવિચાર**

**નિરાશાનાં કાળા ડીબાંગ વાદળોમાં છુપાયેલ આશાની કીનારી શોધવી તેનું નામ હકારાત્મક વલણ**

# અખાત્રીજે ખેડૂતોએ ખેતીનાં સાધનોની પૂજા કરી શ્રી ગણેશ કર્યા હતા

વૈશાખ સુદ ત્રીજ એટલે કે અક્ષય તૃતીય - અખાત્રીજ જેને શુકનવંતી, પવિત્ર અને અક્ષય પુણ્યફળ આપનારી માનવામાં આવે છે. જેને શુભકાર્યો માટે ઉત્તમ મુહૂર્ત માનવામાં આવે છે. પરંતુ આ વર્ષે તિથી ક્ષયના દોષના કારણે લગ્નોનું કોઈ મુહૂર્ત ન હતું. એથી અખાત્રીજ લગ્ન સમારંભો વિના પસાર થઈ ગઈ હતી. પરંતુ અખાત્રીજનું ખેડૂતો અને દરિયા ખેડ પ્રજા માટે ઘણું માહત્મ્ય રહેલું હોય તેઓએ પરંપરાગત ધાર્મિક વિધિ કરી હતી. ભરૂચ જીલ્લાનાં ખેડૂતો એ આજથી તેમના હળોતરાની શરૂઆત કરી હતી. અને ખેતરે જઈ પરિવારજનો દ્વારા ભૂમિનું તેમજ ક્ષેત્રપાળનું પૂજન કરી હળ અને બળદનું પૂજન કરી વરસાદ પૂર્વેની તૈયારીનો આરંભ કરવામાં આવ્યો હતો.

**સજીવ ખેતી દ્વારા ઉત્પાદન કરેલ મગફળીમાંથી કઢાવેલ શુદ્ધ સીંગતેલ મેળવવા માટે સંપર્ક કરો (વિશ્વાસપાત્ર)**

**શ્રી અનિલભાઈ પટેલ - ૯૪૨૮૦૬૧૮૦૭**

**શ્રી કુ. કલ્પનાબેન પટેલ - ૯૪૨૬૨૭૨૬૯૪**

(ગતાંકથી આગળ....)

જયારે તમે એક નીકમાં ક્યારાયમાં સિંચાઈનું પાણી આપશો, ત્યારે (ચાસ) માં પાણી નથી આપ્યું એ નીકમાં ઉભેલા ઘઉંના છોડવાઓના મૂળિયાઓની પાસે પોતાની રીતે પહોંચી જશે. તમે ચિંતા ન કરતા બાફ પોતાની રીતે જ નિર્માણ પામશે. કોઈ જરૂર નથી કે દરેક ચાસમાંપાણી આપવું જ આ પદ્ધતિથી આપ બાફ નું નિર્માણ તો કરશો જ, સાથે પાણીની ૭૫ ટકા બચત પણ કરશો. જયારે તમો નીકમાં પાણી આપશો ત્યારે પુરેપુરી નીક ન ભરો. માત્ર ૫૦ ટકા નીક ભરો. જો તમે આ ખાલી નીકમાં વનસ્પતિ અવશેષોનું આચ્છાદન (ઘઉંનું ભુસું, ડાંગરનું ભુસું કે વનસ્પતિ અવશેષ) ભરી દો તો જીવામૃત્તનો ઉપયોગ અને આચ્છાદન, બંનેના પરિણામ સ્વરૂપ અળશીયાઓ વધુ પ્રમાણમાં દિવસ રાત કાર્ય કરીને પોતાનું મળ (વિષ્ટા) મૂળિયાઓ સુધી લાવીને નાખશે અને ઘઉંના મૂળિયાઓને એક ખુબ જ ચડિયાતું આમંત્રણ મળી જશે. સાથે સાથે પાણીની ૯૦ ટકા બચત પણ થઈ જશે.

**ઘઉંમાં ચણાનો આંતરપાક :**

કુદરત ખેતીના ઝીરો બજેટમાં આપણે ઘુંના બીજી એક પદ્ધતિથી લઈશું, જમીનમાં (બંસી કે શરબતી) ચણાનો આંતરપાક લેવાનો છે. જે ઘું પાકને હવામાંતી નાઈટ્રોજન લાવીને આપશે, નુકશાનકારક જતુઓને આકર્ષિત કરીને મિત્ર જંતુઓને સોંપી દેશે, જમીનને ઢાંકીને સજીવ આચ્છાદન બિછાવશે, જમીનમાંથી મળતા ભેજનું હવામાં ઉડી જવું એટલે કે બાષ્પીભવન રોકશે, પોતાના પબાંદડાઓ ઉપર જમા થવાવાળું હોર્મોન્સ પાણીના ટીપાની સાથે જમીનને આપશે, અને અંતમાં તમને નાણાં ઉપજના રૂપમાં આપશે, જેમા




ઘઉંનો ઉત્પાદન ખર્ચ કાઢી આપશે, અને ઘઉંનો પાક તમને બોનસના રૂપમાં આપશે.

તમે ૪૫ સે.મી. ના અંતરે નીક કાઢો દર્શાવેલ આકૃતિમાં જુઓ નીકમાં ૧૦૦ કિલો ગોબર ખાદ્ય અ઼ે ૧૦ કિલો ઘન જીવામૃત્ત નાખી દો. નીકમાં સિંચાઈનું પાણી જીવામૃત્તની સાથે આપો. જયારે બાફનું નિર્માણ થશે, ત્યારે (બે, ત્રણ દિવસ બાદ) એક નીકમાં ઘઉંના બીજ (બીજા મૃત્તનો પટ આપીને) નીકના બંને ઢોળાવ ઉપર જમીનની સપાટી ઉપર ખાડો ખોદીને તેમાં નાંખો અને અને ઉપરની થોડી માટી ઢાંકી દો. બીજી નીકમાં બંને ઢોળાવ ઉપર ચણાના બીજ બીજામૃત્તથી પટ આપીને એવી જ રીતે વાવો. (જેવી રીતે ઘઉંના બીજ વાવ્યા) ચણાની જાત સ્થાનિક હોવી જોઈએ. ઘઉંના બીજમાં થોડા ધાણા ના બીજ અને થોડા સરસવના બીજ સાથે લો. ત્રીજી નીકમાં બાકીના ઘઉંના બીજ, ચોથી નીકમાં ચણાના બીજ સાથે લો. ત્રીજી નીકમાં બાકીના ઘઉંના બીજ, ચોથી નીકમં ચણાના બીજ, પાંચમી નીકમાં ઘઉંના બીજ, છઠ્ઠીનીકમાં ચણાના બીજ, આ રીતે એકને છોડીને એક નીકમાં ઘઉંના બીજ અને એકને છોડીને એક નીકમાં ચણાના બીજ આકૃતિમાં દર્શાવ્યા મુજબ વાવો.

દર પંદર દિવસે સિંચાઈની સાથે એકર દીઠ ૨૦૦ લીટર જીવામૃત્ત આપો. સિંચાઈ માત્ર ઘઉંની નીકમાં જ આપો, ચણાની નીકમાં સિંચાઈ ન કરો. એમાં વનસ્પતિ અવશેષનું આચ્છાદન (ઘઉંનું ભૂસું, ચણાનું ભૂસું, ડાંગરનું ભૂસું કે કોઈપણ સુકી લાઠીઓ કે તણખલાં) ભરી દો. જીવામૃત્ત અને આચ્છાદનથી અળસીયાઓ ઝડપતી કાર્ય કરવા લાગશે અને ઘઉં ચણા જે ઈચ્છે છે એ ખાદ્ય મૂળિયાઓને ઉપલબ્ધ કરાવશે. જીવામૃત્તનો મહિનામાં બે વાર ઉભા પાક ઉપર છંટકાવ કરો. સિંચાઈનું પાણી ખુબ જ ઓછું લાગે ચે. આ રીતથી ૯૦ ટકા પાણીની બચત થાય છે. ઘઉં પાકની નીકમાં પાણી આપવાથી કેશાકર્ષણથી ચણાના મૂળિયાઓને આપોઆપ મળે છે, ભેજ આપોઆપ ઉપર ચડે છે, તમે ચિંતા કરતા નહિ, ઘુંની નીકમાં બંને બાજુ વાળવાથી ઘુંના છોડની એકર દીઠ સંખ્યા કાયમ રહેશે, ઘટશે નહીં.

આ રીતથી તમને ઘઉંની એટલી જ ઉપજ મળશે, જેટલી આજે તમે રાસાયણિક ખેતીથી લો છો. ચણા બોનસમાં મળશે. ઉત્પાદન ખર્ચ ઝીરો રહેશે.

**બ્રોડબેડ (પહોળા ક્યારા) પદ્ધતિ :**

ઉત્તર ભારતની સપાટી ડીપ બ્લેક કોટન ભારે જમીનમાં આ પદ્ધતિ ખુબ જ અસરકારક અને લાભકારક રહેશે. આ પદ્ધતિથી ખુબ જ સારી બાફ (૫૦ ટકા બાષ્પ અને ૫૦ ટકા હવાનું મિશ્રણ)નું નિર્માણ થાય છે. ઉડી કાળી જમીનમાં સામાન્ય સ્તરે બાફ મળવી ખુબ જ મુશ્કેલ છે. પરંતુ, આ પદ્ધતિથી આપણે એ ગંગા યમુના વિસ્તારમાં સારી બાફ નિર્માણ કરી શકીએ છીએ. તમારી પૂર્વ ખેડ એટલે કે હળ ચલાવ્યા બાદ અ઼ે સારી રીતે દંતાળ, રાંપડી ફેરવ્યા બાદ એક મીટરના અંતરે જમીનની સપાટી ઉપર પાર્કિંગ કરો અને એ પાર્કિંગ ઉપર હળથી કે રીજરથી નીક કરો.

ક્રમશઃ

## જૂનાગઢમાં આવેદન પત્ર પાઠવી ભારતીય કિસાન સંઘની ચિમકી

# ધિરાણ વગરનું વીમા પ્રિમિયમ ખેડૂતોના ખાતામાં પરત જમા નહીં થાય તો આંદોલન

બેન્કોએ રવિપાકના ધિરાણ વગર ખેડૂતોના ખાતામાંથી સીધા જ વિમાનું પ્રમિયમ કાપી લીધું હોવાના ચોંકાવનારા કિસ્સાઓ બહાર આવ્યા બાદ આજે જૂનાગઢ જિલ્લા કલેક્ટરને આવેદન પત્ર પાઠવીને સત્વરે પ્રિમિયમની આ રકમ ખેડૂતોના ખાતામાં જમા નહીં થાય તો આંદોલન છેડવાની ચિમકી ઉચ્ચારી છે.

**ક્યાં પાકનું પ્રિમિયમ લીધું તેનો પણ બેન્કોને ખ્યાલ નથી ! ખેડૂતો વિમો મેળવવા પાત્ર તો નથી જ...**

જૂનાગઢ જિલ્લામાં અનેક ખેડૂતોએ રવિપાકનું ધિરાણ ન લીધું હોવા છતાં તેના બહેન્ક ખાતામાંથી વિમા પ્રિમિયમની રકમ કાપી લેવાના કૌભાંડ અંગે આજે ભારતીય કિસાન સંઘ દ્વારા કલેક્ટરને આવેદન પત્ર પાઠવવામાં આવ્યું હતું. કિસાન સંઘના પ્રદેશ પ્રમુખ વિઠ્ઠલભાઈ દુધાત્રા, પ્રદેશ પ્રતિનિધિ ઉકાભાઈ પટોળિયા, જિલ્લા પ્રમુખ મનસુખભાઈ પટોળિયા વગેરેએ આ મામલે રજુઆત કરતા આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું કે, ક્યાં પાક માટેનું પ્રિમિયમ કાપી લીધું છે તેનો પણ બેન્કોને ખ્યાલ નથી ! અને પ્રિમિયમ કાપ્યું હોવાછતાં ખેડૂતો વિમો મેળવવા પાત્ર તો નથી જ. આ બાબત જ બેન્કોનો ગોટાળો સાબિત કરે છે. ઉપરાંત ખેડૂતો પાસેથી ખોટી રીતે લોન પ્રોસીજર ચાર્જ પણ વસુર કરાય છે. એક પ્રકારે આ ગોટાળા ખેડૂતોને લૂંટવાનું ષડયંત્ર જ છે. ત્યારે વિમાના કપાયેલા પ્રિમિયમ અને લોન પ્રોસીજર ચાર્જની તમામ રકમ દરેક ખેડૂતના બેન્ક ખાતામાં પરત જમા નહીં કરાય તો બેન્કો સામે જનઆંદોલન છેડવાની ચિમકી પણ કિસાન સંઘે ઉચ્ચારી છે.

## ગૌહત્યા બંધિ માટે ખુબજ કડક અને અસરકારક એવા કાયદાની જાહેરાતને લાખો પશુ પાલકો અને કિસાનો વતી આવકરવામાં આવેલ છે.

ગુજરાત સરકાર દ્વારા ગૌહત્યા બંધીના ઐતિહાસીક કાયદાની જાહેરાતને જીવદયા પ્રેમી ખેડૂત પુત્ર ભારતીય કિસાન સંઘ કેશોદના સભ્ય અને આર.ટી.આઈ. એક્ટીવિસ્ટ ગોરધનભાઈ જમનાદાસ વાછાણીએ ગૌહત્યા બંધિ માટે ખુબજ કડક અને અસરકારક એવા કાયદાની જાહેરાતને ગુજરાતના લાખો પશુ પાલકો અને કિસાનો વતી આવકરવામાં આવેલ છે.

ગાય એ પ્રાણી નથી પરંતુ સંસારનો પ્રાણ છે આન, બાન અને શાન સમી ગાય માતા આપણા દેશનું કૃષિ શાસ્ત્ર, અર્થશાસ્ત્ર, વિજ્ઞાનશાસ્ત્ર અને આરોગ્ય શાસ્ત્ર છે. કોઈ પણ જીવ માત્ર સ્વપ્નમાં પણ એમની હત્યા થાય તેવું નથી વિચારતું - ઋષિ - કૃષિ સંસ્કૃતિમાં માનનાર ભારત દેશ માટે ગૌવંશના પશુઓની હત્યા અટકાવવા પશુઓની ગેરકાયદેયે કતલ કરવાના દુષણ પર અંકુશ મેળવવા સીમા ચિહ્નરૂપ કાયદો લાવવાની પ્રતિબદ્ધતા માટે ગુજરાત સરકારને અભિનંદન. અને ગૌ માતાની સાચા અર્થમાં આ કરવા આ કાયદાનો કડક અમલ થશે જ એવી સૌ જીવદયા પ્રેમી અપેક્ષા રાખે છે.

# કાર્યકર્તાનું અધિષ્ઠાન ૯૯

રા. સ્વ. સંઘ

**કાર્યકર્તા**

અધિષ્ઠાન : વ્યક્તિત્વ: વ્યવહાર

**દત્તોપંત ઠેંગડી**

અનુવાદક :

**હસુભાઈ દવે**

સાહિત્ય સાધના ટ્રસ્ટ, અમદાવાદ

**કાર્યકર્તા...** (ગતાંકથી આગળ....)

આવી મનોસ્પર્ધા થાય ત્યારે કાર્યકર્તાઓમાં એક બીજી પ્રવૃત્તિ પણ નિર્માણ થાય છે. સફળતા મળી તો યશ લેવાની અને અસફળતા મળી તો જવાબદારી બીજા તરફ નાખવાની. અંગ્રેજીમાં એક કહેવાત છે Success has many fathers failure is an orphan ! સફળતાના ધણી અનેક થાય છે, પરંતુ અસફળતાને આશ્રય આપનારો કોઈ હોતો નથી અને અસફળતાની જવાબદારી બીજા પર નાખવાની પ્રવૃત્તિ ચાલુ રહે છે. જો કે ખરું નેતૃત્વ હોય, તે સફળતાનું શ્રેય પણ એકલું નથી લેતું અને અસફળતાની જવાબદારી પણ ઝીરજ સાથે લેવા તૈયાર રહે છે. અસફળતાની જવાબદારી બીજા પર નાખવાની પ્રવૃત્તિને અંગ્રેજીમાં Passing the buck એમ કહે છે. અમેરિકાના પ્રમુખ આયસેન હોવરના ટેબલ પર એક પટ્ટીમાં લખ્યું હતું - The buck stops here! મતલબ, અસફળતાની જવાબદારી કોઈપણને બીજા પર નાખવા દો. સંપૂર્ણ જવાબદારી લેવા માટે છેવટે હું તો બેઠો છું !

અવગુણનું પણ અનુકરણ :

કાર્યકર્તા બીજા કાર્યકર્તાઓ માટે આદર્શ બની જાય છે એ સ્વાભાવિક જ છે કે આદર્શરૂપ કાર્યકર્તાઓના ગુણોનું અનુરણ કરવાની પ્રેરણા જેવી રીતે નાના કાર્યકર્તાઓને મળે છે, એ જ રીતે તેના અવગુણોના અનુકરણની પણ માનસિક્તા કાર્યકર્તાઓમાં પેદા થાય છે. અંગ્રેજીમાં એક સૂત્ર આવે છે - Love begests love ! એ જ રીતે આપણે કહી શકીએ છીએ Ego begets ego! જો નેતૃત્વ કરનાર કાર્યકર્તામાં અહંકારનો ભાવ પેદા થાય તે અનુકરણના માધ્યમથી અન્ય કાર્યકર્તાઓના મનમાં પણ એ જ ભાવનું સંક્રમણ થાય છે. હવે નેતા ભૂલી જાય છે કે જો જમીન પર પગ પછાડશું તો જમીન પણ તમને એટલી જ ચોટ પહોંચાડશે. આપના અંહકારી ન હતા તેનું કારણ તેઓ પહેલેથી જાણતા હતા કે અમારા પ્રમુખ કાર્યકર્તાના મનમાં અહંકાર નથી. તે ધ્યેયનિષ્ઠ છે, ધ્યેય પ્રત્યે આત્મસમર્પિત છે. સાથીઓને જ્યારે એવો અનુભવ થાય છે કે આવા વરિષ્ઠ કાર્યકર્તાના મનમાં પણ અંહાકર છે તો એના પરિણામસ્વરૂપ ધીરે ધીરે તેમના મનના સ્ખલનની શરૂઆત થાય છે.

અહંકારને કારણે સ્વયં આગળ વધવા માટે પ્રમુખ કાર્યકર્તા વિચારે છે કે અન્ય લોકો તો આવી રીતે આત્મસમર્પિત રહેવાના જ છે. તેમના થકી હું મારી કારકિર્દી અથવા સ્થાન શા માટે ન બનાવી દઉં ? એ પછી તેના દ્વારા ચતુરાઈના પ્રયોગ થવા લાગે છે. Service Before slefની જગ્યાએ Self without sevice ની માનસિક્તા ઘડાવી શરૂ થઈ જાય છે.એટલું જ નહીં તો જો કદાચ કંઈક ત્યાગ વગેરે કરવો પડે તો ફળની ગણતરી મનમાં રાખી આવશ્યક્તા એટલો જ લઘુત્તમ ત્યાગ કરશું એવી પણ માનસિક્તા પેદા ધાય છે.આવા પ્રમુખ કાર્યકર્તા એ નથી વિચારતા કે 'અરે, હું ચતુર થઈશ તો જ આત્મસમર્પિત છે, તેઓની અંદર પણ આવી જ ચતુરાઈ આવી જશે. તેઓ આત્મસમર્પિત રહેશે નહીં. તેઓ એણ વિચારશે કે આપણો પ્રમુખ કાર્યકર્તા જ જો સ્વયં આગળ ધપવા માટે ચતુરાઈનો આશરો લેતો હોય તો શા માટે અણે પણ અમારી કારકિર્દી ન બનાવીએ ? આમ જો નેતા અને અનુયાયીઓમાં જ આવી સ્પર્ધા જો કારકિર્દી' દષ્ટિએ, ભૌતિક દષ્ટિએ થવા માંડી તો કાર્યકર્તા મોટો, ઊંચો બને છે, પરંતુ સંગઠન તો વામણું જ રહે શે. આમ ચતુરાઈને કારણે કાર્યકર્તાનું આવી રીતે ઝડપથી ઊંચે ચડવું પતંગ જેવું રહે ચે, જ્યારે સંગટનની દષ્ટિએ આપણી અપેક્ષા રહે છે કે વૃક્ષ સમાન ઊંચો હોય. અર્થાત્ સંગઠનના ધરાતળ સાથે તેનો સંબંધ તો તૂટી ન જાય, પરંતુ એથી પણવધારે વિકસિત થવા માટે ધરાતળથી જ તેને જીવનરસ પ્રાપ્ત થાય.

**સાધનોની વિપુલતાથી પતન :**

હવે જેવી રીતે અહંકાર, સ્વયંની મહાનતાનો ભાવ એ કાર્યકર્તાના આત્મવિકાસની નિરંતર પ્રક્રિયામાં વિઘ્ન પેદા કરે છે, તે જ રીતે કાર્યકર્તાના પતનનું એક બીજું પાસું પણ છે. સંગઠનનો વિસ્તાર વ્યાપક થાય છે. ત્યારે સંગઠનનની પ્રવૃત્તિઓ માટે આવશ્યક એવા સાધન પણ વદી જાય છે. હવે આપણે તો આગ્રહ રહે જ છે કે સધનોનો વપરાશ ઓછામાં ઓછો હોવો જોઈએ. આમ છતાં પણ સંગઠનનો વિકાસ થવાથી તે અનુસાર સાધનોમાં પણ થોડા પ્રમાણમાં વધારો થાય છે અને કાર્યકર્તાના મનમાં પણ સાધનોનો ઉપયોગ કરવામાં જે વિવેક રહેવા જોઈએ, તે ક્યારેક ક્યારેક રહેતો નથી. સાધનો ઉપર નિર્ભર રહેવાની ટેવ ઉત્તરોત્તર વિકસિત થાય છે અને કાર્યકર્તાનું માનસિક સંતુલન રહેતું નથી.

મેં એક ચિત્રપટ જોયું હતું. તેમાં એક મજૂર કાર્યકર્તાનું એક દશ્ય આવે છે. તે મજૂર કાર્યકર્તા મુખ્યમંત્રી સાથે વાત કરે છે. બહુ જ સ્પુષ્ટ વાત કરે છે. ફલાણું કામ ન થયું તો જોડા મારીશ વગેરે વાત કરે છે. હવે એમાં જો સફળતા ન મળી તો શું થઈ ગયું વગેરે. તેની સાથે એક મહિલા સચિવ રહેતી હતી. કાર્યકર્તા વાત કરતો રહે છે કે 'મારે શું, હું પહેલાંની જેમ જ દુકાનના સામેવાળા પાટિયા પર સૂઈ જીશ. મને ટેવ છે.' આવું સાંભળી તે મહિલા કહે છે કે 'હવે તે ટેવ છૂટી ગઈ છે. હવે તો ગાડીમાં બેસવાની, હોટલમાં રહેવાની ટેવ પડી ગઈ છે. હવે તમે દુકાનના પાટિયા ઉપર સૂઈ શકશો નહીં.' કાર્યકર્તાએ વિચારવું જોઈએ કે વધતી જતી સાધનસુવિધાઓથી ક્યાંય મારી જૂની ટેવ તો નથી છૂટી ગઈ કે બગડી તો નથી ગઈ? ગઈકાલ સુધી હું આપણા કોઈ કાર્યકર્તાના ઘરે આનંદથી રહેતો હતો. હવે પ્રતિષ્ઠા મળી ગઈ. સંગઠન પણ વધી રહ્યું છે. સુવિધાઓની વિપુલતા છે. રહેવાની વ્યવસ્થા પણ આવશે નહી, અસુવિધા થવા લાગશે. જો તે કાર્યકર્તાની ટેવો એવી જ સાદગીભરી રહી તો તે કાર્યકર્તા સફળ જ થશે. પરિસ્થિતિમાં પરિવર્તન છતાં પણ તે પહેલાં જેવી જ સમર્પિત માનસિક્તામાં જ કાર્ય કરતો રહેશે.

એ તો બધા જાણે છે કે સામ્યવાદીઓએ સશસ્ત્ર સંઘર્ષવાદી ક્રાંતિનો રસ્તો છોડીને સંસદીય લોકતંત્રનો રસ્તો અપનાવ્યો છે. આ પક્ષના એક મોટા નેતા કોમરેડ એ.કે. ગોપાલને પોતાના આત્મચરિત્રમાં લખ્યું છે કે તેઓ એક ખાસ હેતુસર લોકસભામાં ગયા હતા. લોકસભામાં જઈને પરિવર્તનનું કામ કરીશ એવું તેમનું કહેવું હતું, પરંતુ સંસદમાં ગયા પછી તેમને કાંઈક જુદો જ અનુભવ થછયો. કાર્યકર્તા સંસદમાં પહોંચ્યા ન હતા ત્યારે તે મજૂરો, કિસાનોને મળતા હતા. કલાકો સુધી તેના સુખ દુખની વાતો થતી હતી. મજૂરોને ત્યાં ભોજન કરતા હતા. ગંદી વસ્તીમાં સૂઈ શકતા હતા. દિલ્હી પહોંચ્યા અને સારો ફ્લેટ મળી ગયો. પંખા, રચરચીલું, સુંદર કારપેટની વ્યવસ્થા થઈ ગઈ. પ્રધાનોને ત્યાં મહેમાનગીરી થવા લાગી. વડાપ્રધાન, રાષ્ટ્રપ્રમુખ વગેરે સાથે મુલાકાતો થવા લાગી. હવે ત્યાંની ટેવ પડી ગઈ. સંસદ સભ્ય બનેલા આ કાર્યકર્તાઓના મનમાં થવા લાગ્યું કે અહીં દિલ્હીમાં જ રહેવું સારુ છે. એ પછી વિચાર આવવા લાગ્યો કે મતદાર સંઘમાં મજૂરો પાસે જવું, તેની ગંદી વસ્તીમાં સૂવું વગેરે શક્ય હોય ત્યાં સુધી ટાળી શકાય તો સારું. જાણે કે મનોવૃત્તિમાં પરિવર્તન આવવા લાગ્યું. સંસદીય તંત્રમાં ઘૂસીને તેને પોતાના પક્ષના હિતમાં ખેંચી જવાનું તો રહ્યું, તે પદ્ધતિમાં આવીને સ્વયં તેમની અંદર જ કોઈક પરિવર્તન થઈ ગયું. *ક્રમશઃ*

# પાકવીમાના નામે સરકાર, બેંકો અને વિમા કંપનીઓના મેળાપીપળામાં કરોડોની છેતરપિંડી આચરાયાની રિટ...

**ગુજરાત હાઈકોર્ટે કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર સહિતના સત્તાવાળાઓને નોટિસ જારી કરી : વેકેશન બાદ સુનાવણી**

રાજ્યના ખેડૂતો સાથે પાક વીમા યોજનાના નામે રાજ્ય સરકાર, રાષ્ટ્રીયકૃત બેંકો અને ઈન્શ્યોરન્સ કંપનીઓની મલીભગતમાં કરોડો રૂપિયાની છેતરપીંડી આચરાઈ રહી હોવાના ગંભીર આક્ષેપો કરતી મહત્વની રિટઅરજી ગુજરાત હાઈકોર્ટમાં દાખલ થઈ છે. હાઈકોર્ટે આ કેસમાં કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર સહિતના સંબંધિત સત્તાવાળાઓને કારણદર્શક નોટિસો જારી કરી કેસની વધુ સનાવણી વેકેશન પછી મુકરર કરી છે.

રાજયના ખેડૂતો તરફથી કરાયેલી રિટ અરજીમાં એવી રજૂઆત કરવામાં આવી હતી કે, કેન્દ્ર સરકાર દ્વારા ઘડાયેલી નીતિનો રાજ્ય સરકાર પાક વીમા યોજનાના નામે અલમ કરી રહી છે અને તેને ફરજિયાત બનાવી છે પરંતુ તે ફરજિયાત કરવાની સત્તા સરકારને નથી. વળી, સરકાર આ યોજનાના ખેડૂતોના હિતની ગણાવે છે પણ વાસ્તવમાં એવું કંઈ નથી. કારણ કે, સરકાર આ યોજના રાષ્ટ્રીયકૃત બેંકો અને ઈન્શ્યોરન્સ કંપનીઓની મદદતી અમલી બનાવી રહી છે અને તેઓ નિર્દોષ અભણ અને ઓછુ ભણેલા ખેડૂતોનો ગેરલાભ ઉઠાવી રહ્યા છે. પાક વીમા યોજનાના નામે ખુદ સ્ટેટ મશીનરી અને રાષ્ટ્રીયકૃત બેંકો સહિતની નાણાંકીય સંસ્થાઓ દ્વારા મોટાપાયે એક કૌભાંડ ચાલી રહ્યું છે.

અરજદારપક્ષ તરફથી હાઈકોર્ટને ઉદાહરણ રજૂ કરી જણાવાયું કે, ધારો કે, કોઈ ખેડૂતને ૧૦ હેક્ટર જમીનમાં મગફળીના પાક માટે રૂ. ૪.૫૦ લાખની કૃષિ લોન લેવાની જરૂરિયાત ઉભી થાય અને ધારો કે, તેની રૂા. બે લાખની જ લોન મંજૂર થાય તો તેને બે લાખની લોન પર બે ટકા લેખે પ્રિમીયમ ચૂકવવાનું થાય પરંતુ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા કેટલાય ખેડૂતો પાસેથી રૂા. ૪.૫૦ લાખ પર પ્રિમીયમની વસૂલાત કરાઈ છે. એટલું જ નહીં. એસ.બી.આઈ. સહિતની રાષ્ટ્રીયકૃત બેંકો દ્વારા નિયત પ્રિમીયમ કરતાં વધારાનું પ્રીમીયમ ખેડૂતો પાસેથી વસૂલ કરાય છે. અને જ્યારે વરસાદના અભાવે કે અન્ય કોઈપણ કારણસર પાક નિષ્ફળ જાય ત્યારે પાક વીમાની રકમ ચૂકવવામાં ઈન્શ્યોરન્સ કંપનીઓ ગલ્લાં - તલ્લાં કરે છે. ખાસ કરીને સૌરાષ્ટ્રના ખેડૂતો આ છેતરપીંડીમાં સૌથી વધુ ભોગ બન્યા છે. ખરીફ સીઝન માટે લોન લીધી હોય તો પાક વીમાનું પ્રિમીયમ વસૂલાય તે સમજી શકાય પરંતુ રવિ પાક માટે લોન લીધી નહી હોવા છતાં તેનું પ્રિમીયમ ખેડૂતો પાસેથી વસૂલવું એ છેતરપીંડી નહીં તો બીજું શું કહી શકાય.

એક ખેડૂત પાસેથી બેથી પાંચ હજાર રૂપિયા રવિ સીઝનની લોન લીધી નહીં હોવા છતાં વસૂલાય છે. અને તે પ્રમાણે જાવ જઈએ તો ખેડૂતો સાથેની આ છેતરપીંડી કે કૌંભાડનો આંક રૂા. ૧૦૦ કરોડથી પણ વદુનો થવા જાય છે. રિટ અરજીમાં પાક વીમા યોજનાને ફરજિયાત બનાવતો સરકારનો ઠરાવ ગેરકાયદે અને રદબાતલ જાહેર કરવા તેમજ એસ.બી.આઈ. સહિતની રાષ્ટ્રીયકૃત બેંકોએ ખેડૂતો પાસેથી ઉઘરાવેલ પ્રિમીયમ સહિતનો રેકોર્ડ અદાલત સમક્ષ રજૂ કરાવવા સહિતની દાદ માંગવામાં આવી હતી.

# દેશી ગાયના દૂધની માંગમાં પાંચ ગણો વધારો

હરિયાણાના કરનાલ ખાતે આવેલ નેશનલ બ્યુરો ઓફ એનિમલ જીનેટીક રિસર્ચમાં હાલ દેશી ગાય બાબતે અનેક સંશોધન થઈ રહ્યા છે. ખેડૂતો ફરીથી દેસી ગાય રાખતા થાય એ માટે હરિયાણામાં યોગ્ય વ્યવસ્થા ઉભી થાય એ દિશામાં પ્રયાસ થઈ રહ્યો છે. દેશી ગાયના એ-



ર પ્રકારના દૂધની માંગમાં સમગ્ર વિશ્વમાં વધારો થઈ રહ્યો છે. આ કારણે ભારતની અમૂલ સહિત ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ અને અમેરિકાની ડેરીઓ એ-ર પ્રકારના દૂધનુ ઉત્પાદન વધારવા આયોજન કરી રહી છે. ગીર તેમજ કાંકરેજ જેવી દેશી ગાયો જ એ-ર પ્રકારનું દૂધ આપે છે. જ્યારે જર્સી ગાયો જે દૂધ આપે છે એ એ-૧ પ્રકારનું હોય છે. એ-૧ દૂધની સરખામણીએ એ-ર પ્રકારના દૂધમાં કલોસ્ટ્રોલનું પ્રમાણ ઓછુ હોય છે તેમજ વિટામીન એ વધારે હોય છે. આ કારણે સમગ્ર વિશ્વમાં એ-ર દૂધની માંગ સતત વદી રહી છે. એ અંદાજ પ્રમાણે હાલ ભારતમાં દૈનિક સરેરાશ ૮ લાખ લિટર એ-ર દૂધની માંગ રહે છે.આ આંકડો એક વર્ષમાં વધીને ૪૦ લાખ લિટર પહોંચે એવી શક્યતા નિષ્ણાતો સેવી રહ્યા છે. હરિયાણામાં હાલ જર્સી ગાય તેમજ ભેંસનું દૂધ રૂા. ૪૫ થી રૂા. ૫૫ પ્રતિ લિટરના ભાવે વેચાઈ રહ્યું છે. જ્યારે દેસી ગાયનું દૂધ રૂા. ૬૫ પ્રતિ લિટરના ભાવે વેચાઈ રહ્યું છે.

વિવિધ સંસ્થાઓએ જાહેર કરેલા અંદાજ પ્રમાણે હાલ દેશમાં ૧૮ હજાર ગીર ગાયો છે. છ દાયકા પહેલા બ્રાઝીલ દેશમાં આપણે ત્યાંથી થોડી ગીર ગાય મોકલવામાં આવી હતી. આજે બ્રાઝીલમાં ગીર ગાયની સંખ્યા આપણા કરતા વધારે છે. બ્રાઝીલ દેશ હાલ ગીર ગાયની ઓલાદોની નિકાસ કરીને મોટી કમાણી કરી રહ્યો છે. ગુજરાત અને પંજાબની સરકારે તો બ્રાઝીલમાંતી ગીર ગાયની સારી ઓલાદોની આયાત કરવાનું શરૂ કર્યુ છે. આમ, ગીર અ" કંકરેજ સહિતની દેશી ગાયોની જાળવણી કરવામાં આપણે કાચા પડ્યા છીએ એવું ચોક્કસ કહી શકાય. હવે જ્યારે સમગ્ર વિશ્વમાં દેશી ગાયના દૂધની માંગ સતત વધી રહી છે ત્યારે આ તકનો લાભ લઈને આપણે ફરી દેશી ગાયની સંસ્ક-તિ તરફ વળવાની જરૂર છે. આ માટે સરકાર, સંસ્થાઓ, ખાનગી ડેરીઓ તેમજ પશુપાલકોએ સાથે મળી પ્રયાસ કરવાની જરૂર છે.

# સંક્ષિપ્ત સમાચાર

## તરબૂચ અને ટેટીની ખેતીમાં મબલક કમાણી કરતાં સંજયભાઈ

જૂનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકાના મોટી મોણપરી ગામના યુવા ખેડૂતો સંજયભાઈ કાપડીયાએ પદ્ધતિસરની ખેતી દ્વારા તરબૂચ અને શક્કરટેટીનઉા પાકમાં સારી આવક મેળવી છે. સંજયભાઈએ પોતાની ચાર વિઘા જમીનમાં



ઉનાળુ પાક તરીકે તરબૂચ અને ટેટીની વાવણી કરી હતી. જેમાં બે વિઘામાં તરબૂચ અને બે વિઘામાં ટેટીની વાવણી ફેબ્રુઆરી મહિનાના બીજા અઠવાડિયામાં કરવામાં આવી હતી. મલ્ચીંગ અને ટપક પદ્ધતિના ઉપયોગથી તેઓ મબલક ઉત્પાદન લેવામાં સફળ રહ્યા છે. સંજયભાઈના જણાવ્યા પ્રમાણે તેઓએ તરબૂચનું અંદાજે ૪૫૦ મણ અને ટેટીનું ૨૦૦ મણ ઉત્પાદન વિઘા દીઠ મેળવ્યું છે જેમાં સંજયભાઈએ પ્રતિ કિલો રૂા. ૯ના ભાવે હોલસેલ તેમજ પ્રતિ કિલો રૂા. ૧૦ના ભાવે રિટેલમાં તરબૂચનું વેચાણ કર્યુ છે. જ્યારે ટેટીનું રિટેલમાં રૂા. ૨૫ પ્રતિ કિલોના ભાવે વેચાણ કરવામાં આવ્યું છે. આથી તેઓએ રૂા. ૧.૯ર લાખની ટેટી અને રૂા. ૧.૪૫ લાખના તરબૂચનું વેચાણ કર્યુ છે. આમ, ટુંકી ઉનાળુ સિઝનમાં માત્ર ચાર વિઘા જમીનમાં ૩.૩૭ લાખ રૂપિયાનું ઉત્પાદન મેળવ્યું છે.

## ડાંગરના આગોતરા વાવેતર માટે બિયારણની નવી જાત

ડાંગરના આગોતરા વાવેતર માટે અનુકૂળ બિયારણની નવી જાત વિકસાવવામાં દેશના વૈજ્ઞાનિકોને સફળતા મળી છે. માલવી સુગંધા એચ.યુ.આર ૯૧૭ નામની ડાંગરની આ જાતની ટ્રાયલ ઉત્તર પ્રદેશના કાશી વિશ્વ વિદ્યાલય ખાતે સફળતાપૂર્વક પૂર્ણ થઈ છે. આથી હવે સૌપ્રથમ ઉત્તર પ્રદેશના ખેડૂતોને આ જાતનું બિયારણ આપવામાં આવશે. આ બાદ દેશના અન્ય રાજ્યોમાં પણ આ જાતનું બિયારણનું વિતરણ થાય એવી શક્યતા છે. ડાંગરની આ જાતનું વાવેતર ખેડૂતો ચોમાસુ સિઝનમાં મે મહિનાના અંતિમ ભાગમાં કરી શકે છે. આ જાતમાં વધુ ઉત્પાદન લેવા માટે સિંચાઈની પૂરતી સુવિધા હોવી ખુબ જરૂરી છે.




**'કિસાન સંદેશ' સાપ્તાહિકમાં ખેતી વિષયક લેખો, તથા સમગ્ર રાજ્યમાં બનતી અવનવી ઘટનાઓ પ્રસિદ્ધ કરવા માટે સંપર્ક કરો**

'બલરામ મંદિર પરિસર' સે.૧૨/ડી, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૪૯૧૬


## ફેસબુકના સ્થાપક માર્ક ઝુકરબર્ગ રંગાયા ખેતીના રંગે

ફેસબુકના સ્થાપક માર્ક ઝુકરબર્ગે વિસ્કોંસીન ખાતે આવેલ એક ખેતરમાં રહેતા એક ખેડૂત પરિવાર સાથે રવીવારનો દિવસ ગાળ્યો હતો. જેટ ગાન્ટ નામના ખેડૂત અ"



તેઓનો પરિવાર વિસ્કોંસીન ખાતેના ખેતરમાં ૩૦ ગાયો સાથે રહે છે. ઝુકરબર્ગ રવીવારે તેઓના મહેમાન બન્યા હતા. આ અંગે પોતાના ફેસબુક પેઈજ પર ઝુકરબર્ગે જણાવ્યું છે કે 'સવારમાં અજવાળુ થાય ત્યારેથી સાંજે અંધારૂ થાય ત્યાં સુધી ગાન્ટ પરિવાર સખત મહેનત કરે છે. ખેતી બાબતે હાલ સરકાર અ"ક પ્રકારે સબસીડી આપતી હોવા છતાં આ ખેડૂત પરિવાર એનો કોઈ લાભ લેતો નથી.ખેડૂત જેટ ગ્રાન્ટ પોતે તકલીફ ભોગવીને પણ પોતાની ગાયોને સુવિધા પુરી પાડે છે. તેઓ ખેતીને સૌથી મહાન વ્યવસાય ગણાવે છે. જેટ ગાન્ટના સંતાનો પણ ખેતી શીખીને આ જ વ્યવસાયમાં ઝંપલાવવા હેવ તૈયાર થઈ ચુક્યા છે.'

## એન્ડોસલ્ફાન દવાએ કેરળમાં હજારો જીવન તબાહ કર્યા

ફોટામાં દર્શાવેલ માસુમ બાળકીનું નામ હેમલતા છે. કેરળના મુથલામડા જીલ્લાના વેલ્લારામકુન્નુ ગામની હેમલતા ઉપર ખેતીમાં વપરાતી એન્ડોસલ્ફાન દવાની અસર થયેલી છે. કપાસ અને કાજુ સહિતના પાકોમાં જીવાત નિયંત્રણ માટે વપરાતી એન્ડોસલ્ફાન દવા ઉપર સુપ્રિમ કોર્ટના આદેશથી વર્ષ ૨૦૧૧ થી પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. આ દવાનો ઉપયોગ સદંતર બંધ થયો હોવા છતાં જીનેટીકલી કારણોને લીધે એન્ડોસલ્ફાનના ઝેરની અસર કેરળમાં અનેક નવા જન્મેલા બાળકો ઉપર જોવા મળી છે અને આ માસુમ બાળકો શારીરિક ખોડખાંપણ સહિત અનેક બીમારીઓનો ભોગ બન્યા છે. કેરળમાં સરકાર હસ્તક ૧૨૦૦૦ હેક્ટર જમીનમાં કાજુના બકીચાઓ છે. જેમાં વર્ષો પહેલાં હેલિકોપ્ટર મારફતે એન્ડોસલ્ફાન દવાનો છંટકાવ કરવામાં આવતો. આ સમયે કાજુના બગીચાઓની આસપાસ આવેલા ગામડાઓ લોકોને એન્ડોસલ્ફાન દવા શ્વાસ વાટે શરીરમાં જતી હતી. વર્ષ ૧૯૭૫ થી ૨૦૦૦ સુધીમાં આ રીતે એન્ડોસલ્ફાન દવાના કારમએ કેરળમાં ૧૦૦૦ થી વધુ લોકોના મોત થયા છે. જ્યારે એ સમયે એન્ડોસલ્ફાનના સંપ્રકમાં આવેલા લોકોના નવા નજમતા બાળકોમાં હજુ પણ આ ઝેરી દવાની અસર જોવા મળી રહી છે. કેરળના મુથલામડા વિસ્તારમાં જ ૧૮૮ જેટલા માસુમો એન્ડોસલ્ફાનની ઝેરી અસરથી ગંભિર બીમારીઓનો ભોગ બન્યા છે.

## કૃષિ મહોત્સવ અંતર્ગત ૧૮ સ્થળોએ કાર્યક્રમોનું આયોજન

ગુજરાત સરકાર દ્વારા યોજાનાર કૃષિ મહોત્સવ ૨૦૧૭ અંતર્ગત આગામી તા. ૬ થી ૨૬ મે દરમિયાન રાજ્યભરમાં કુલ ૧૮ સ્થળોએ કાર્યક્રમ યોજાશે. જેમાં દરેક કૃષિ યુનિવર્સિટીના વિસ્તારોમાં ચાર અથવા પાંચ તેમજ બે જિલ્લાઓ વચ્ચે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જે હેઠળ તા. ૬ મે ના રોજ નડિયાદ, તા. ૭ જૂનાગઢ, તા. ૮ ભુજ, તા. ૯ અંકલેશ્વર, તા. ૧૧ અમરેલી, તા. ૧૨ હિંમતનગર, તા. ૧૩ જામખંભાળિયા, તા. ૧૪ ગોધરા, તા. ૧૫



વ્યારા, તા. ૧૬ મહેસાણા, તા. ૧૮ છોટા ઉદેપુર, તા. ૧૯ ગોંડલ, તા. ૨૦ ડીસા, તા. ધરમપુર, તા. દાહોદ, તા. વઢવાણ, તા. બાવળા અને તા. ૨૬ વાસંદા ખાતે કાર્યક્રમ યોજવામાં આવશે. આ કાર્યક્રમોમાં ખેડૂતોનું સન્માન, કૃષિ માર્ગદર્શન સહિતનું આયોજન થશે. આ ઉપરાંત સરકારની સહાય યોજનાઓ માટે અરજી પણ આ મહોત્સવના સ્થળ પર થઈ શકશે. બુતકાળમાં ગુજરાતના દરેક તાલુકામાં કૃષિ મહોત્સવનું આયોજન થતુ હતું. જેમાં દરેક તાલુકાદીઠ કૃષિ રથ કાઢવામાં આવતો અને આ રથ તાલુકાના ગામડાંઓમાં ફરતો હતો. કૃ,રિથ દ્વારા ખેડૂતોને પોતાના ગામમાં જ સરકારી યોજનાઓ સહિત કૃષિની માહિતી મળી શકતી હતી. જોકે, છેલ્લા બે વર્ષથી રાજ્ય સરકારે કૃષિ મહોત્સવના આયોજનના વ્યાપમાં ઘટાડો કર્યો છે અને આ વર્ષે તો બે જિલ્લા વચ્ચે એક કાર્યક્રમ યોજવાનું આયોજન થયું છે.

## મંદીમય : જીરૂ, એરંડા, ગવાર ધાણામાં ઘટાડો

ઊંઝા માર્કેટયાર્ડ ખાતે જીરૂની આવકોમાં ગયા અઠવાડિયા એકાએક વદારો થતા વાયદામાં એની અસર જોવા મળી હતી. જેની અસરથી દ્રઝદ્ધઈઠ પર જીરૂનો મે વાયદો ત્રણ ટકાના ઘટાડા સાથે રૂા. ૧૮૬૬૫ની સપાટીએ બંધ રહ્યો હતો. જ્યારે ઊંઝા ખાતે હાજર બજારમાં સારા માલના રૂા. ૩૫૦૦ થી રૂા. ૩૭૦૦ અને મિડીયમ માલના રૂા. ૩૨૦૦ થી ૩૫૦૦ની સપાટીએ ભાવ જોવા મળ્યા હતા. ઊંઝા ખાતે જીરૂની આવક વધીને ૧૫ થી ૧૭ હજાર બોરીની સપાટીએ પહોંચી હતા. વેપારીઓના મતે ગત સપ્તાહે હાજર બજારમાં પ્રતિમણ રૂા. ૧૦૦ ની તેજી જોવા મળી હોવાથી હાલ આવકો વધી છે. જોકે, આવકો વધવાની અસરથી બજાર નરમ પડ્યું હતું. આ તરફ એરંડામાં પણ ઘટાડો જોવા મળ્યો હતો. દ્રઝદ્ધઈઠ પર એરંડાનો મે વાયદો અઢી ટકાના ઘટાડા સાથે રૂા. ૪૫૭૮ની સપાટીએ બંધ રહ્યો હતો. ।જ્યારે હાજર બજારમાં એરંડાના ભાવ ઘટીને પ્રતિ મણ રૂા. ૭૧૦ થી રૂા. ૯૩૦ની સપાટીની વચ્ચે જોવા મળ્યા હતા.

## ખેતી વિષયક વીજ જોડાણમાં વધારાનો વીજ ભાર વિનિયમિત કરવા માટેની ખેતી વિષયક સ્વૈચ્છિક જાહેરાત યોજના ૨૦૧૭ અમલમાં મુકવા બાબત...

ગુજરાત સરકાર,
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ,
ઠરાવ ક્રમાંક : જીયુવી/૨૦૧૭/૧૦૨૫/ક-૧
સચિવાલય, ગાંધીગનર. તા. ૧ મે, ૨૦૧૭

**ઠરાવ :**

ઉક્ત વિગતોએ પુખ્ત વિચારણાના અંતે ખેતી વિષયક વીજ જોડાણોમાં વધારાનો વીજભાર વિનિયમિત કરવા માટે ખેતી વિષયક સ્વૈચ્છિક જાહેરાત યોજના ૨૦૧૭ અમલમાં મુકવાનું આથી ઠરાવવામાં આવે છે. આ યોજનાના નીયત ધારાધોરણો નીચે મુજબ છે.

(૧) આ યોજનાનો લાભ લેવા ઈચ્છુક ગ્રાહકોને અરજી કરવા માટે એક માસનો સમય આપવાનો રહેશે.
(૨) આ યોજના હયાત ખેતી વિષયક વીજ જોડાણ ધરાવતા દરેક કક્ષાના ગ્રાહકોને લાગુ પડશે.
(૩) આ યોજનાનો લાભ લેવા ઈચ્છુક ગ્રાહકોએ નિયત નમૂનાના ફોર્મ જરૂરી દસ્તાવેજ સાથે અરજી નિયત સમય મર્યાદામાં કરવાની રહેશે.
(૪) આ યોજના હેઠળ બે જ પ્રકારની અરજીઓ સુનિશ્ચિત કરવામાં આવેલ છે.

પ્રકાર-અ : વાસ્તવમાં કરાર રીત વીજ ભાર કરતા જોડેલ વીજ ભાર વધારે હોય અને તેઓ વીજ ભાર નિયમિત કરાવવા ઈચ્છુક હોય.

પ્રકાર-બ : પોતાનો વાસ્તવિક વીજ ભાર ખબર નથી અને વીજ ભાર ચકાસણી રકરાવીને વિનિયમિત કરાવવો છે.

**પ્રકાર-અ**

(૧) ખેતી વિષયક વીજગ્રાહકે વીજ ભાર વધારો નિયમિત કરવા માટેની અરજી તથા એ-૧ ફોર્મ અને જરૂરી સંલગ્ન દસ્તાવેજો સંલગ્ન સબડીવીઝન કચેરીએ કરવાની રહેશે. આ સબબના રજીસ્ટ્રેશન ચાર્જીસ (ગુજરાત વીજ નિયમન પંચ મુજબ) ગ્રાહકે ભરવાના રહેશે.
(૨) વીજ ભાર ચેક કરતી વખતે ગુજરાત વીજ નિયમિન પંચની ગાઈડ લાઈન મુજબ એફીશીયન્સી ફેક્ટ્ર ગણીને ખરેખર વીજભાર ગણવાનો રહેશે.
(૩) સર્વે કર્યા બાદ જો ચકાસણી કરેલ વીજ ભાર, જાહેર કરેલ વીજ ભાર કરતા વધારે હશે તો વીજગ્રાહકે સુધારેલ એ-૧ ફોર્મ આપવાનું રહેશે.
(૪) સર્વે કર્યા બાદ વીજ કંપનીએ પ્રવર્તમાન ધારા ધોરણ પ્રમાણએ ગ્રાહકને એસ્ટીમેટ (અંદાજીત થનાર ખર્ચ) આપવાનો રહેશે.
(૫) એસ્ટીમેટ મળ્યાના એક માસમાં ગ્રાહકે નાણાં ભરપાઈ કરવાના રહેશે. ત્યાર બાદ કોઈ પણ સંજોગોમાં નાણાં ભરવા માટેની સમય મર્યાદા વધારી આપવામાં આવશે નહીં. જો સમય મર્યાદામાં ગ્રાહક નાણાં ભરપાઈ ન કરે તો આ યોજનાનો લાભ મેળવી શકે નહીં અને વીજ વિતરણ કંપનીએ નિયત થયેલ ધારા ધોરણ મુજબ કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

**પ્રકાર-બ :**

(૧) ખેતી વિષયક વીજગ્રાહકે વીજ ભાર ચકાસણી કરાવવા માટે નીયત થયેલ નમૂનાના ફોર્મ અને નીયત થયેલ ફી રૂા. ૧૦૦/- સાથે સંબંધિત સબડીવીઝન કચેરીએ અરજી કરવાની રહેશે.
(૨) ગ્રાહકની અરજી મળ્યા તારીખથી સંબંધિત સબડીવીઝન કચેરીએ ૧૫ દિવસમાં વીજભાર ચેક કરવાનો રહેશે. જો ચકાસણી દરમ્યાન કરારીત વીજ ભારત કરતાં વધારે વીજ ભાર
(૩) વીજ ચેક કરતી વખતે ગુજરાત વીજ નિયમન પંચની ગાઈડ લાઈન મુજબ એશીશીયન્સી ફેક્ટર ગણીને ખરેખર વીજભાર ગણવાનો રહેશે.
(૪) (અ) ગ્રાહકનો જોડેલ વીજભાર કરારીત વીજ ભાર કરતાં વધારે હોય તો ગ્રાહકે વીજ ભાર વિનિયમિત કરાવવા માટે એ-૧ ફોર્મમાં જરૂરી દસ્તાવેજ સાથે રજીસ્ટ્રેશન ચાર્જીસ સંબંધિત કચેરીએ જમા કરાવવાના રહેશે. જો ગ્રાહક આમ ન કરે તો આ યોનજાનો લાભ મેળવી શકશે નહીં અને વીજ વિતરણ કંપનીએ ધારા ધોરણ મુજબ કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

(બ) વીજ ભાર ચેક કર્યા પછી વાસ્તવિક વીજ ભાર, કરારીત વીજ ભારથી વધારે જણાય તો ગ્રાહકે વર્તમાન મોટી મોટરની જગ્યાએ કરારીત લોડ મુજબ નાની મોટર સ્થાપવાની રહેશે. નાની મોટર સ્થાપિત કર્યની જાણ ગ્રાહકે લેખિતમાં ટેસ્ટ રીપોર્ટ સાથે સંબંધિત સબડીવીઝનને કરવાની રહેશે. ગ્રાહક તરફથી લેખિતમાં જાણ કરાયેથી સબડીવીઝન કચેરીએ વીજ ભાર ફરીથી ચેક કરવાનો રહેશે.

(૪) એસ્ટીમેટ (અંદાજીત થનાર ખર્ચ) ભરાઈ ગયા બાદ ગ્રાહકે એગ્રીમેન્ટ કરી ટેસ્ટ રીપોર્ટ રજૂ કરવાનો રહેશે. ત્યાર બાદ વિજ વિતરણ કંપનીએ ટેકનીકલ અને સંબંધિત રેકોર્ડ અંગેની કામગીરી પૂર્ણ કરવાની રહેશે. આ કામગીરી પૂર્ણ થયા બાદ અરજીની તારીખથી વીજ ભાર વધારો મંજૂર રાખવાનો રહેશે.
(૫) ગ્રાહકે વીજ ભાર વધારો વિનિયમિત કરવાની અરજી સાથે નીચે પ્રમાણે દસ્તાવેજો રજૂ કરવાના રહેશે. (૧) એ-૧ ફોર્મ (૨) ૭/૧૨ના ઉતારા (છ માસ થી જુના નહીં) (૩) છેલ્લા વીજ બીલની નકલ વીજ બીલ ભર્યાની પહોંચ સાથે.
(૬) જે નામથી વીજ ભાર વધારો માંગવામાં આવેલ હોય એ જ નામ ૭/૧૨માં સંયુક્ત નામ સાથે હોય તો બાકીના ભાગીદારોનું એનઓસી માંગવું નહીં. પરંતુ વીજ ભાર વધારો માંગનારનું નામ ૭/૧૨માં ન હોય તો ગ્રાહકે વીજબીલમમાં નામ બદલવાની કાર્યવાહી કરાવવાની રહેશે.
(૭) અરજદાર ગ્રાહક પાસે વીજ વિતરણ કંપનીનું કોઈ પણ લેણું બાકી હોવું જોઈએ નહીં જો ગ્રાહક પાસે વીજ વિતરણ કંપનીનું કોઈ પણ લેણું બાકી હશે તો સદર યોજનાનો લાભ ગ્રાહક લઈ શકશે નહીં.
(૮) ખેતી વિષયક સ્વૈચ્છિક જાહેરાત યોજના ૨૦૧૭ના સમયગાળા દરમ્યાન વીજ ભાર વધારવા માટે અરજી કનાર કે વીજ ભાર ચકાસણી માટે અરજી કરનારને વધારે વીજ ભાર હોવાના કારણે પૂરવણી બીલ આપવાનું રહેશે નહીં. પરંતુ જો ગ્રાહક દ્વારા જરૂરી કાર્યવાહી સમય મર્યાદામાં પૂર્ણ કરવામાં ન આવે તો પુરવણી બીલ આપવાનું રહેશે. તદ્ઉપરાંત જ્યાં સુધી અરજીની કાર્યવાહી વીજ વિતરણ કંપની કક્ષાએ બાકી હોય ત્યાં સુધી વધારે વીજ ભાર હોવાના કારણે પૂરવણી બીલ ગ્રાહકને આપવાનું રહેશે નહીં.
(૯) વીજ મીટર વાળા ગ્રાહકોને ત્યાં મીટરમાં નોંધાયેલ મહત્તમ વીજ ભાર (MD) ચેકીંગ શીટમાં દર્શાવવાનો રહેશે અને તેને એફીશીયન્સી ફેક્ટર સાથે ગણતરીમાં લઈ લોડ વધારાની અરજી માટે ધ્યાને લેવાની રહેશે.
(૧૦) એક જ પોઈન્ટ ઑફ સપ્લાય પરથી ગ્રાહક બે વીજ મોટર વાપરતો હોય તો ગ્રાહકે વીજ ભાર વધારા સાથે બે મોટર વાપરવાની મંજૂરી અલગથી મેળવવાની રહેશે.
(૧૧) ખેતી વિષયક વીજ ભાર વધારા યોજના ૨૦૧૭ માટેની કાર્યવાહી રજીસ્ટર અલગથી બનાવવાના રહેશે અને એ મુજબની ટેકનીકલ અને વહીવટી કામગીરી SOP પ્રમાણે કરવાની રહેશે.
(૧૨) ભૂતકાળમાં આખરી થઈ ગયેલ કેસોની આ યોજના હેઠળ સમીક્ષા થઈ શકશે નહીં. આ યોજના આ ઠરાવની તારીખ બાદ જા લાગુ પડશે.
(૧૩) આ યોજના હેઠળ પાત્રતા બાબતે કે અન્ય કોઈ બાબતે સમસ્યા ઉપસ્થિત થાય તો જે તે વીજ વિતરમ કંપનીના મેનેજીંગ ડીરેક્ટરનો નિર્ણય આખરી રહેશે જે અરજદારે માન્ય રાખવો પડશે.
(૧૪) આ યોજના અંતર્ગત, યોજના ચાલુ થયાથી પુરી થાય તે સમયગાળા દરમ્યાન, ગ્રાહકોની સગવડ માટે, દરેક DISCOM ખાતે એક મધ્યસ્થ કોલ સેન્ટરની સુવિધા ઉભી કરવાની રહેશે. જે માટે હાલમાં કાર્યરત 'ગ્રાહક સુવિધા કેન્દ્ર' અથવા 'કસ્ટમર કેર સેન્ટર'ની મદદ પણ લઈ શકાશે. આ સુવિધા દ્વારા ગ્રાહક ફોન દ્વારા કોલ સેન્ટરનો સંપર્ક સાધી તેના ગ્રાહક નંબર તથા મોબાઈલ નંબર જણાવશે, ત્યારબાદ કોલ સેન્ટર દ્વારા આ વિગત જે તે સંલગ્ન પેટા વભાગીય કચેરીને મોકલી આપવાની રહેશે અને જે તે પેટાવિભાગીય કચેરીએ ઉપલબ્ધ વિગત મુજબના ગ્રાહકોનો રૂબરૂ સંપર્ક કરી આ યોજનાના ધારાધોરણ મુજબની આગળની કાર્યવાહી કરવાની રહેશે.

આ હુકમો, વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની તારીખ ૨૭-૪-૨૦૧૭ની નોંધથી મળેલ સંમતિ થી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એચ.સી. પટેલ)
નાયબ સચિવ
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ
વિભાગ

## વિદ્યા સાધના યોજના (આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની યોજના)




**યોજનાનો ઉદ્દેશ :**

ધોરણ ૯માં અભ્યાસ કરતી અનુ. જનજાતિની કન્યાઓને શિક્ષણમાં પ્રોત્સાહન આપવાના હેતુથી સાયકલ ભેટ આપવાની યોજના

**પાત્રતાના ધોરણો :**

૧.ધો. ૯માં અભ્યાસ કરતી અનુ. જાનજાતિની કન્યાઓને સાયકલ ભેટ આપવાપાત્ર થશે.
૨.અંતર મર્યાદાના બાદ વિના રહેઠાણના સ્થળ થી અન્ય ગામ / શહેર / સ્થળે હવે ધો. ૯માં માધ્યમિક શાળામાં અભ્યાસ કરતી કન્યાઓને વર્ષ ૨૦૧૩-૧૪ થી સાયકલ ભેટ આપવાનું નક્કી કરવામાં આવેલ છે.

**આવકનું ધોરણો :**

ગ્રામ્ય વિસ્તાર માટે રૂા. ૪૭૦૦૦/- તથા શહેરી વિસ્તાર માટે રૂા. ૬૮૦૦૦/- વાર્ષિક આવક.

**યોજનાના ફાયદા / સહાય**

પાત્રતા તથા આવકનું ધોરણ ધરાવતી કન્યાઓને સાયકલ ભેટ આપવામાં આવે છે.

**પ્રક્રિયા :**

અનુ. જનજાતિની ધોરણ-૯માં અભ્યાસ કરતી કન્યાઓની સાયકલ મેળવવા માટેની નિયત નમુનાની દરખાસ્ત સંબંધિત માધ્યમિક શાળા દ્વારા તૈયાર કરી જે તે જીલ્લાના મદદનીશ કમિશ્નરશ્રી / આદિજાતિ વિકાસ અધિકારીશ્રીની કચેરીમાં રજુ કરવાની હોય છે અને આ દરખાસ્તના આધારે નિયમોનુસાર મળવાપાત્ર વિદ્યાર્થીઓને સાયકલ પૂરી પાડવામાં આવશે.

## મધ્ય ગુજરાત ભારતીય કિસાન સંઘની

# સભામાં સરકારને વાયદાઓની યાદ અપાવવા લડતનું રણશિંગુ

*ભારતીય કિસાન સંઘ, મહિસાગર તરફથી સરકારની ખેડૂત વિરોધી નીતિ અને કરેલા વાયદાઓની યાદ તાજી કરાવવા મધ્યગુજરાત ઝોનના પ્રતિનિધિઓની કડાણા તાલુકાના ઘોડીવાર નદીનાથ મહાદેવ ખાતે યોજાયેલી સભામાં ખેડૂતોના પ્રશ્નોની વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.*

## તા. ૨૯મી મે એ મધ્યગુજરાતના હજારો ખેડૂતોનું સંમેલન યોજી કલેક્ટરને આવેદનપત્ર આપી લડતનો પ્રારંભ થશે

સરકાર સામે આક્રોશ ઠાલવી સંઘના કાર્યકરોએ કહ્યું હતું કે સરકારો બદલાઈ પણ ખેડૂતોની સ્થિતિમાં ફર્ક પડ્યો નથી. અને આજે ખેડૂતોની એવી દુર્દશા છે કે દરરોજ ૧૦ ખેડૂત ખેતી છોડી રહ્યા છે. આખે આખું કુટુંબ ખેતી કરે છે. મહેનત કરે છે. કાળી મજુરી કરે છે. છતાં પણ પેટ ભરાતું નથી. અનાજના પોષણક્ષમ ભાવ મળતા નથી. દુધ પાણીના ભાવે વેચાય છે. ૧ લીટર પાણીની બોટલના ૨૦ રૂા. ને ૧ લીટર ૩ ફેટનું ગાયનું દુધ રૂા. ૨૨, આવી પરિસ્થિતિમાં ખેડૂત ક્યાંથી ઉપર આવે. ૧ કિલો મીઠાના બાવ ૨૦ રૂા. ને ૧ કીલો અનાજનો ભાવ ૧૩ રૂા. ત્યારે ખેડૂતની સહનશીલતાની હદ થઈ કહેવાય આ સંજોગોમાં સરકારના આંખ કાન ખોલવા ભારતીય કિશાન સંઘે આખા દેશમાં જીલ્લા મથકે વિશાલ રેલી યોજવાનો કાર્યક્રમ આપ્યો છે. કિશાન સંઘ મહિસાગરના મહામંત્રીએ જણાવ્યું હતું કે તા. ૨૯ મે ના દિવસે મધ્યઝોનના ૧૫૦૦૦ થી ૨૦૦૦૦ ખેડૂતોનું વિશાળ સંમેલન યોજી તે પછી રેલી સ્વરૂપે ખેડૂતો કલેક્ટરને આવેદનપત્ર આપવા જનાર છે.

### ખેડૂતોને વખતો વખત અપાતા વાયદાઓની નોંધ લેતુ કિસાન સંઘ

ખેડૂતોને ચૂંટણી સમયે અને અન્ય સંજોગોમાં અપાતા વાયદાઓની કિસાન સંઘે નોંધ લીધી છતે અને તે વાયદા સત્તાધીશો ભૂલી ગયા હોય તેમને તેની યાદ અપાવવા આંદોલનનું રણશીંગુ ફૂંકવા નિર્ણય કરાયો છે.

તેમાં નરેન્દ્ર મોદીને પોતે કરેલા વાયદાઓની યાદ તદાજી કરાવવાનો મુખ્ય હેતુ છે. તેમાં (૧) મહીસાગર જીલ્લા દૂધ ઉત્પાદક સંઘને મંજુરી (૨) હર ખેત કો પાની સમાન સિંચાઈ દરથી (૩) તમામ પાકોની પડતર કિંમત પર ૧૫ ટકા નફો ગણી ગ્રામ્યસ્તરે ખરીદનું આયોજન કરવું. (૪) વીજ અધિનિયમો કલમો ૧૨૬/૧૩૫ હેઠળ આડેધડ ચેકિંગ બંધ કરવું અને દંડનીય બીલો પાછા ખેંચવા (૫) વડાપ્રધાન પાકવીમા યોજના મરજીયાત કરવા (૬) તારની કાંટાવાળી વાડની જૂની પદ્ધતી ચાલુ રાખવા ૨૦ હેક્ટરની મર્યાદા સમાપ્ત કરવી. (૭) ખેતીવાડી માટે અપાતી વીજળી દિવસ ઉપર આપવી.

## કેરીની આવક વધતાં શાકભાજી લાવતા ખેડૂતોને યાર્ડ બહાર હરાજી કરવા આદેશ



જૂનાગઢ માર્કેટીંગ યાર્ડ સંચાલીત શાકભાજી યાર્ડમાં અનેક ખેડૂતો પોતાની શાકભાજીની જણસી વેચવા આવે છે. જો કે ૧-૫-૨૦૧૭ થી લાગુ પડે તેવા આદેશો યાર્ડના સત્તાધિશોએ કર્યા છે. જેમાં જણાવાયું છે કે ખેડૂતોએ પોતાના શાકભાજીની હરાજી માર્કેટીંગ યાર્ડની બહાર કરવી. કેરીની સીઝન આવતા કેરીની આવક વધતા આ

- **યાર્ડના સત્તાધિશોના ઘરની ઘોરાજી જેવા નિયમોથી ખેડૂતોમાં રોષ**
- **તાત્કાલિક આ આદેશો રદ્દ કરવા ભારતીય કિસાન સંઘની માંગણી**

નિર્ણય લેવાયો છે જે નિયમની વિરુદ્ધ છે.

વળી બહાર હરાજી - વેચાણ કરવાથી માલ ચોરાઈ અથવા લુંટાઈ જવાની શક્યતા વધી જાય છે. ત્યારે આવું થાય અને આર્થિક નુકશાની થાય તો તેની જવાબદારી કોની રહેશે તેવા સવાલ સાથે ભારતીય કિસાન સંઘના પ્રમુખ મનસુખ પટોળીયાએ તાત્કાલીક આ તઘલખી નિર્ણય રદ્દ કરવા માંગણી કરી હતી. ઉપરાંત શાકભાજીના યાર્ડમાં લાઈટ, સીસીટીવી કેમેરા લગાવી આપવા તેમજ પીવાના પાણીની વ્યવસ્થા કરી આપવા જિલ્લા કલેક્ટર ડૉ. રાહુલ ગુપ્તાને આવેદન પાઠવી માંગણી કરી છે.

# ગરમીના કારણે પાકને થયેલી નુકસાનીનું વળતર માંગતા ખેડૂતો

વર્તમાન સમયમાં પુષ્કળ ગરમીના કારણએ ખેડૂતોના ઉભા વિવિધ પાકોમાં થયેલી નુકસાનીનું વળતર પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના અંતર્ગત આપવાની માંગણી ભારતીય કિસાન સંઘ દ્વારા મામલતદારને પત્ર લખીને કરવામાં આવી છે.

વધુમાં પત્રમાં જણાવ્યાનુંસાર કેન્દ્રીય પ્રધાનમંત્રી ફસલ વીમા યોજનાના ભાગરૂપે ખેતી માટે બેંકમાં પાક ધિરાણ લીધેલા ખેડૂતોના ખાતામાંથી ફરજિયાત વીમા પેટે ૨ ટકા પ્રીમિયમ વસૂલવામાં આવે છે. કેન્દ્ર સરકાર દ્વારા આ યોજના ફરજિયાત અને ખેડૂતોના હિતમાં હોવાનો દાવો કરવામાં આવે છે.

વધુમાં રાષ્ટ્રીયકૃત બેંકો પાસેથી માહિતી મેળવી પ્રીમીયમ ૨ ટકા કાપવામાં આવે છે તે નક્કી કરી શકો છો, મતલબ એક લાખના પ્રીમિયમે બે હજાર કાપવામાં આવે છે અને આ યોજના ફરજિયાત હોતા બેંકો જી.આર. પ્રમાણે ખેડૂતો પાસેથી બે ટકાના દરે પ્રિમિયમ વસૂલે છે.

### નખત્રાણામાં ભા. કિસાન સંઘે આપેલું આવેદન પત્ર

પરંતુ હાલના સમયમાં નખત્રાણા તાલુકામાં વિપુલ પ્રમાણમાં ગરમીના લીધે તમામ પાકો જેવા કે મગફળી, વેલાવાણી જાતોના પાકો સક્કરટેટી, તરબૂચ, કાકડી દુધી, તમામ શાકભાજી બાગાયતમાં દાડમ, કેરી જેવા પાકોને પારાવાર નુકસાન થયું છે. ઉપરોક્ત આ બધા પાકોને તૈયાર કરવામાં ધરતીપુત્રોને ખૂબ જ આર્થિક લાગત લાગે છે. તો વીમાનું પ્રીમિયમ ફરજિયાત ખેડૂતો પાસેથી વસૂલવામાં આવે છે ત્યારે આ નુકશાનીનું વળતર પણ કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવે તેવી કિસાનોની માંગ છે. ચાલુ વર્ષે ગરમીનો પારો ૪૫ ડીગ્રી વટાવી ચૂક્યો છે. ૧૨૫ વર્ષના ઈતિહાસમાં આટલી ગરમી પ્રથમ વખત પડી છે તેવું હવામાન ખાતાએ પણ જણાવ્યું હતું. આ સામૂહિક નુકસાનીને પહોંચી વળવા ખેડૂતોના પાક વીમા પકવવામાં આવે છે, તેમજ તાત્કાલિક વળતર આપવામાં આવે, તેમજ તાત્કાલિક વળતર આપવામાં આવે તેવી માગંણી સાથે પત્રની નકલ તાલુકા વિકાસ અધિકારી, ખેતીવાડી વિસ્તરણ અધિકારી તેમજ પ્રાંત અધિકારીને પાઢવવામાં આવી છે.

**કેન્દ્ર સરકાર દ્વારા આ યોજના ફરજિયાત અને ખેડૂતોના હિતમાં હોવાનો દાવો કરવામાં આવે છે.**

## WHATSAPP MASSAGES

### મદદ આવી શકે તેવા નંબર

(૧) પોલીસ – ૧૦૦ (૨) આગ ૧૦૧
(૩) એમ્બ્યુલન્સ ૧૦૨ (૪) એમ્બ્યુલન્સ (ઈમરજન્સી) ૧૦૮
(૫) ઓટોરિક્શા તરફથી હેરાનગતી થતી હોય તો ટ્રાફિક પોલીસનો નંબર ૧૦૯૫
(૬) એન્ટી કરપ્શન અંગે ફરિયાદનો નંબર ૧૮૦૦ ૨૩૩૪ ૪૪૪૪ એનો બીજો નંબર વોટ્સએપ. ૯૫૮૬૮૦૦૮૭૦, ૯૭૨૬૬૫૦૩૨૬ (આમાં શક્ય હોય તો ઓડિયો, વિડીયો કે ફોટો મોકલવો)
(૭) આપઘાતના વિચારો આવતા હોય તો તેમ આપઘાત કરશો નહીં તે માટે ૧૦૯૬ નંબર ઉપર ફોન કરો.
(૮) મહિલા હેરાન થતી હોય તો નંબર ૧૦૧૯
(૯) વરિષ્ઠ નાગરિકો અને બાળકો અંગે મદદની જરૂરિયાત માટે નંબર ૧૦૯૦
(૧૦) જો પ્રવાસ દરમિયાન કાંઈ તકલીફ થાય તો નંબર ૯૯૬૯૭૭૭૮૮૮
(૧૧) આપણી આંખ સામે કાંઈ અજગતુ થતું હોય પરંતુ આપણએ આપમી ઓળખ પોલીસને આપવી ન હોય તો આ નંબર ૭૭૩૮૧૩૩૧૪૪ અને ૭૭૩૮૧ ૪૪૧૪૪ ઉપર પોરીસને એસએમએસ કરો, પોલીસ સંભાળી લેશે.
(૧૨) સાઈબર ગુના માટે નંબર ૯૮૨૦૮૧૦૦૦૭
(૧૩) રેલ્વે પ્રવાસ દરમિયાન કાંઈ પણ સામાન ખોવાય તો નંબર જોડો ૯૮૩૩૩૩૧૧૧૧

# અળસીયાનું ખાતર બનાવવાની રીત અને તેની કેટલીક અગત્યતા

શ્રી એસ.એચ. લાખાણી, ડૉ. વિ.સી. ગઢિયા, શ્રીમતી એ.કે. બારૈયા અને ડૉ. કે.પી. બારૈયા કૃષિ વિજ્ઞાન કન્દ્ર, જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, જામનગર

**અળસીયાની ખેતી :**

ખેતીમાં છેલ્લા બે દાયકા દરમિયાન હરિયાળી ક્રાંતિના પગલે સિંચાઈની સગવડતામાં વધારો થવાની સાથે ઘનિષ્ઠ પદ્ધતિ, રસાયણિક ખાતર, જંતુનાશક અને રોગનાશક દવાઓના વપરાશના કારણે વિપરીત અસર થવાથી જમીનમાં સેન્દ્રિય પદાર્થની અને અમુક સૂક્ષ્મ જીવાણુંઓની કાર્યવાહી મંદ પડી અને કુદરતી પરભક્ષી/પરજીવી જીવાતનો નાશ થયો. પરીણામ પાક ઉત્પાદનની ક્ષમતા પર માઠી અસર થવાથી પાક ઉત્પાદન ઘટતા દરે વધી અને અમુક પરિસ્થિતિમાં ઘટાડો પણ નોંધાયો. આથી આજની તાતી જરૂરિયાત એજ જણાય છે, કે ઉત્પાદન યોગ્ય સ્તરે



વર્ષો સુધી જળવાઈ રહે તેમજ પાકની ગુણવત્તા અને જમીનની તંદુરસ્તી લાંબા સમય સુધી યોગ્ય સ્તરે તે ખુબ જ જરૂરી છે. કારણ કે તે જમીન જીવંત છે અને કાયમી ધોરણે જીવંત રાખવી અતિ આવશ્યક છે. જે માટે સેન્દ્રિય ખેતી મહદ અંશે ફાયદાકારક પુરવાર થઈ શકે. આ હેતુને સફળ બનાવવા માટે અળસિયા ઉછેર એક શ્રેષ્ઠ બાબત બની રહેશે.

**અળસિયાનું મહત્વ :**

વર્મી કમ્પોષ્ટ એ અળસીયાની હગરમાંથી પેદા થતું એક પ્રકારનું કેન્દ્રિય ખાતર છે. આ ખાત બનાવવા માટે અળસીયા, તેની જીવન શૈલી અને તેના ઉછેર વિશે જાણવું ખુબ જ જરૂરી છે. અળસીયાની હગરમાંથી સેન્દ્રિય ખાતર બનાવવાની પદ્ધતિને કલ્ચર કહેવામાં આવે છે અળસીયા જમીનમાં રહે છે અને તેનું વિવિધ રીતે વર્ગીકરણ કરવામાં આવે છે.

સેન્દ્રિય ખેતીમાં પાક પોષણમાં અળસીયાનું ખુબ જ મહત્વ રહેલું છે. અળસીયા બે પ્રકારના છે. એક તો જમીનમાં રહેનાર જે સતત માટી ખાતુ રહે છે. વારંવાર વિસર્જન તથા ઓક્સિજન માટે જમીનમાંથી બહાર આવે છે. જતા આવતા છીદ્રો પડે છે. તેમજ જમીન છિદ્રાળુ બની જાય છે. જમીનમાં હવા ઉમેરાય છે. જમીનમાં ઓક્સિજનની માત્રા પણ વધવાથી સૂક્ષ્મ જીવાણુઓની ગતિશીલતા વધે છે. અળસીયાની ગતિશીલતા માટે ભેજ અને ઉષ્ણતાપમાન ખુબ અગત્યનો ભાગ ભજવે છે. બીજા પ્રકારના અળસીયા જમીન ઉપર રહેનારા અને કચરો, સેન્દ્રિય પદાર્થો તથા છાણ ખાનાર છે. આ પ્રકારના અળસીયાનો ઉપયોગ કમ્પોષ્ટ ખાતર બનાવવા માટે થાય છે. જેના માટે ઈસીનયા ફોટીડા, યુડીલેસ યુર્જન અને પેરીયોનિક્સ એક્સાવેટ્સ વગેરે મુખ્ય જાતો છે.

**અનુકુળ પ્રજાતિની પાયાની ખાસિયાતો :**

જે અળસીયાની પ્રજાતિ ઝડપથી સેન્દ્રિય કચરાનું વિઘટન કરતી હોય તદ્ઉપરાંત અળસીયાની સંખ્યા પણ ઝડપથી વધતી હોય તે ખેડૂતોને વધુ ઉપયોગી છે જેથી અળસીયાની નીચે દર્શાવેલ પાયાની ખાસિયતો હોવી અત્યંત આવશ્યક છે.

- અળસીયાની પ્રજાતિ રોગ માટે ટક્કર ઝીલી શકે તેવી હોવી જોઈએ.
- કલ્ચર પદ્ધતિ અપનાવવામાં સરળ હોવી જોઈએ.
- સેન્દ્રીય કચરો તથા પ્રાણીઓના મળમૂત્રમાંથી અળસીયા વધુ પ્રોટીન શરીરમાં પેદા કરે તો તેની ઝડપથી વૃધ્ધિ થઈ શકે.

*વધુ આવતાં અંકે*

# રામરાજ્યની સ્થાપનામાં ગૌમાતાનું યોગદાન

આપણે સૌ વાત વાતમાં રાજ્ય દ્વારા આદર્શ સમાજ વ્યવસ્થાને 'રામ રાજ્ય' તરીકે વર્ણવીએ છીએ. બધુ જ સારૂ હગોય એટલે સ,હેજે આપણાથી બોલાઈ જાય 'ભાઈ, રામ રાજ્ય છે ! આ રામ રાજ્ય એટલે શું ? અને આ રામ રાજ્યમાં ગૌમાતાની ભૂમિકા શું ?'

સામાન્ય પરિભાષામાં રામ રાજ્ય એટલે કલ્યાણ રાજ્ય યાને કે સુરાજ્ય. સાચુ સ્વરાજ ! જ્યાં રાજા - પુરજા સહિત સમગ્ર જીવ સૃષ્ટિ સુખી હોય. જ્યાં જળ, જમીન, જંગલ જાનવર અ" જન સહિત બધાની સરખી હિફાજત થતી હોય. જ્યાં માનવીય સુખાકારી હોય. જ્યાં જન જન વચ્ચે સારુ સામંજસ્ય હોય. વગેરે વગેરે... આ પ્રકારની શ્રેષ્ઠ સમાજ વ્યવસ્થાને જો એક વાક્યના પ્રયાસમાં કહેવી હોય તો 'સુખી સંપન્ન, સમૃદ્ધ, શિક્ષિત, સુરક્ષિત, સ્વસ્થ સ્વાવલંબી, સ્વાભિમાની, સ્વદેશી, સાર્વભૌમ, સમરસ, સંસ્કાર સમાજ'. ઉપરોક્ત આદર્શ સમાજ અને રાજ્ય વ્યવસ્થાને 'રામ રાજ્ય'ની ઉપમા આપી શકાય.

આ સંદર્ભમાં ગૌમાતાને જ્યારે 'માતરઃ સર્વભૂતાનામ ગાવઃ સર્વસુખપ્રદા' કહી છે, ત્યારે 'રામ રાજ્ય'ની ઉપરોક્ત કલ્પનાને સાકાર કરવામાં ગૌમાતા વિશેષ મહત્વ ધરાવે છે. એક વાત સમજી લઈએ કે આપણા શાસ્ત્રો ખરા અર્થમાં વિજ્ઞાન ગ્રંથો છે. શાસ્ત્રના રચયિતા ઋષિ - મુનિઓ વૈજ્ઞાનિકો હતા અને તેમણએ લખેલા શ્લોકો કે સુવાક્યો આજના સિદ્ધાંતો ચે. જે તે સમયની લોક ભાષા સંસ્કૃત હતી. આ ઋષિ - મુનીઓએ તપસ્યા યાને અથાગ પુરુષાર્થ કરી શ્રેષ્ઠ સમાજ વ્યવસ્થા માટે ના સૂત્રો અને નિયમો આપ્યા. તપસ્યા દ્વારા રીત શોધોને સમાજ કલ્યાણ માટે લોકભોગ્ય બનાવી. જે કાળક્રમે સમાજજીવન સાથે ઓતપ્રોત બની રીતરીવાજ અ" જીવનશૈલી બની ગઈ. આગળ જતા મનુષ્ય સ્વભાવના કારણે તેમાં ભેળસેળ થતાં કુરિવાજો કે અંધશ્રધ્ધાના રૂપમાં કોઈ ક્ષેત્રોમાં સ્વાર્થવશ પરિવર્તિત થઈ ગઈ. પરંતુ સત્ય કાયમ સત્ય જ રહે છે. એ ન્યાયે આપણએ 'મહાજનો યેન ગતાઃ સ પંથાઃ' મુજબ આવી શાસ્ત્રોક્ત બાબતોને સ્વીકારી લઈ, ૨૧મી સદીના વિજ્ઞાન અને ટેકનોલોજીના જમાનામાં લેવાની આવશ્યક્તા ઉભી થઈ છે. આવું જ કંઈક ગૌમાતા માટે છે. ગૌમાતાને વિશ્વમાતા કહી છે. નહીં કોઈ વ્યક્તિ, જાતિ, પંથ, સંપ્રદાય, દેશ કે ખંડની માતા ! વળી ગૌમાતાને સર્વસુખપ્રદા કહી છે. યાની કે સર્વ પ્રકારના સુખ આપનારી એટલે તેમાં આદર્શ માજ વ્યવસ્થા માટેના બધાજ 'સ' નો સમાવેશ થઈ જાય છે. એવા સુખ પ્રદાન કરનારી ગાય માતાનું મહત્મ્ય દરેક શાસ્ત્રોમાં વર્ણવાયુ છે. દરેક ધર્મ અને સંપ્રદાય આ બાબતે એક મત ધરાવે છે. જે ગૌમાતાને વિશ્વ વંદનીય બનાવે છે. ગૌમાતામાં ૩૩ કોટિ દેવતાનો વાસ છે. યાને કે જેટલા ગુણો દેવતાઓમાં છે, તે બધાજ ગુણો ગૌમાતા એકલી જ ધરાવે છે. ગૌમાતાનો અણુ એ અણુ સમાજોપયોગી છે. ગૌમાતાનું જીવન જ પરોપકાર માટે છે. ગૌમાતાના પંચગવ્ય એટલે કે દૂધ, દહીં, ઘી, ગૌમૂત્ર અને ગૌબર તેમજ છઠ્ઠું ગોરસની ઉપયોગિતા વૈજ્ઞાનિક રીતે સિદ્ધ થઈ ચૂકી છે.




આપણી સંસ્કૃતિ મોક્ષની સંસ્કૃતિ છે. ધર્મ - અર્થ - કામ અને મોક્ષ પ્રાપ્તિ એ મનુષ્ય માત્રનું લક્ષ્ય છે. જીવન વ્યવહાર અને સમાજ વ્યવસ્થા સુચારૂ રીતે ચાલે એ માટે અર્થની આવશ્યક્તા છે. જે જરૂરિયાત ગૌમાતા તેના પંચગવ્ય અને તેની મૂલ્ય વર્ધિતા દ્વારા તેમજ વંશવેલાની વૃદ્ધિ દ્વારા સુપેરે પુરી પાડે છે. એટલે જ ૨૧ મી સદીમાં ગૌપલન, ગૌસંવર્ધન, પંચગવ્ય ઉત્પાદનો, ગૌશાળા, ગૌ વિજ્ઞાન અને ટેકનોલોજી શ્રેષ્ઠ વ્યવસાય તરીકે ઉભરી આવવાના છે. સમાજની ગરીબી દૂર કરવા, આર્થિક ઉન્નતિ અને રાષ્ટ્ર વિકાસમાં ગૌ આધારિત વ્યવસાયને જેટલા વહેલા સમજીએ એટલું સારૂં ! અને એટલા જલ્દી સમૃધ્ધ, સંપન્ન અને સુખી સમાજના નિર્માણમાં ગૌમાતાના યોગદાનને જોડી શકાશે.

ગૌમાતાનું દૂધ અમૃત છે. તેમાં રહેલું 'સેરીબ્રોસાઈડ' નામનું ગુણકારી તત્વ મગજના ચેતાતંત્રને શક્તિશાળી બનાવે છે. ગાયના દૂધ, દહીં, ઘી, માખણ, ખાનરું બાળક હોંશિયાર, બુદ્ધિજીવી, તિવ્રમેઘાવાળુ બને છે, જે વૈજ્ઞાનિક રીતે સાબિત થઈ રહ્યું છે. આમ શિક્ષિત અને બુદ્ધિજીવી સમાજ દ્વારા શ્રેષ્ઠ રાષ્ટ્ર નિર્માણમાં ગૌમાતાનું મહત્વ અનેરૂં છે.

પંચગવ્યમાં રહેલા સુવર્ણ સહિત અનેક તત્વો અને ઈમ્યુનો મોડ્યુલેટર, એન્ટિ ઓક્સિડેન્ટ, બાયો એન્હાન્સર, એન્ટિ બેક્ટેરિયલ અને એન્ટિ વાઈરલ પ્રોપર્ટી માનવ જાતને સ્વસ્થ અને નિરોગી રાખે છે. વાતાવરણને શુધ્ધ રાખે છે. આમ ગૌમાતા દ્વારા પૂર્ણ નિરામય આયુષ્ય શક્ય છે. જો આપણએ ગૌમાતાનું પાલન - પોષણ કરીશું, તો ગોધનની વૃધ્ધિ થતા બળદનો ખેતીમાં ઉપયોગ થશે, ગૌવંશના ગૌમૂત્ર અને ગોબર શ્રેષ્ઠ કીટનિયંત્રક અને બાયોફર્ટિલાઈજર તરીકે કામ કરશે. ગૌ આધારિત કૃષિ દ્વારા અર્થોપાર્જન થશે. કૃષિ અ" પશુપાલન ગ્રામ્ય વિકાસના પાયા છે. પંચગવ્ય ઉત્પાદપનો દ્વારા સ્વરોજગારી મળશે. સ્વદેશીને પ્રોત્સાહન મળશે. રાષ્ટ્રીય સ્વાભિમાન જાગૃત થશે. પરસ્પર કાર્ય પૂર્તિ દ્વારા સ્વાવલંબી ગ્રામ્ય અને એ દ્વારા સાચા ગ્રામ સ્વરાજ્યની વિભાવના સાકાર થશે.

ગૌ માતાની આભા યાને કે 'ઓરા' પ્રબળ થે. તેના વાઈબ્રેશન - તરંગોની તિવ્રતા ૫ થી ૧૫ મીટર સુધી વ્યાપ્ત હોય છે. ગૌમાતાના શરીર ફરતે ઓરાને કારણે દુષિત વાઈબ્રેશન જે તે ઘર કે ગૌશાળામાં આવતા અટકી જાય છે. ખરાબ - વિચારો કે દુષ્કૃત્યો અટકશે. આથી ગૌમાતા ઘેર આંગણે હોય અને તેની યોગ્ય સાર - સંભાર રાખીએ તો કુટુંબના દરેક સભ્યોના મન શાંત અને પ્રસન્ન રહેશે. ક્રોધ દૂર રહેશે. કુટંબ કલેશ - ઝઘડા નહીં થાય. કુટુંબમાં સંપ, એકતા અને આત્મિયતા રહેશે. સદ્ભાવના અને સૌહાર્દનું વાતાવરણ જળવાશે. આમ દરેક ઘરમાં ગૌમાતા અને દરેક ગામમાં ગૌશાળા હોય તો ગામમાં વિવાદ - ઝઘડા - ટંટા ફસાદ નહીં થાય. ગામમાં દુર્ગણો નહીં પ્રવેશે અને પરિણામ સ્વરૂપ સમાજ સુરક્ષિત રહેશે. દરેક ધર્મો ગૌમાતાનું મહત્મ્ય સ્વીકારે છે. મનુષ્ય માત્ર માટે ગાય સમાન રીતે ઉપયોગી છે. તે કોઈ પ્રત્યે ભેદભાવ રાખતી નથી. જીવનભર પ્રેમ અને કરૂણા જ વહાવે છે. ગૌમાતા વિશ્વ કલ્યાણકારી છે. ગૌમાતાનું મહત્મ્ય સાર્વભૌમિક સાર્વલોકિક અને સાર્વજનિક છે. આમ સમરસ - એકરસ - સંપીલા - એકાત્મ સમાજ અને વિશ્વરના નિર્માણ માટે ગૌમાતા શ્રેષ્ટ જીવાત્મા છે.

ઉપરોક્ત બધા ગુણો પ્રદાન કરનારી ગૌમાતા તેના પંચગવ્ય અને સાનિધ્ય દ્વારા શ્રેષ્ઠ શિક્ષિત, બુદ્ધિજીવી, સુખી, સંપન્ન, સ્વાવલંબી તેમજ સમરસ અને સંસ્કારી સમાજ નિર્માણમાં મહત્વનું યોગદાન આપે છે. આ રીતે સર્વગુણ સંપન્નતાયુક્ત ગૌવંશની સુવાસ એક સાર્વભૌમ અને શક્તિશાળી એવા મહાન, ભવ્ય અને દિવ્ય રાષ્ટ્રના નિર્માણમાં ઉપકારક બનવાની છે. ૨૧મી સદીમાં ગૌસંસ્કૃતિ આધારિત સમાજ વ્યવસ્થા જ વ્યક્તિ, સમષ્ટિ, અને પરમેષ્ટિ સુધીના કલ્યાણનો માર્ગ પ્રશસ્ત કરનારું પરિબળ બની રહેશે. સર્વે સુખીનઃ સન્તુ સર્વે સન્તુ નિરામયાઃ અને વસુધૈવ કુટુંમ્બકમ ની વિભાવના ગૌમાતા દ્વારા સાર્થક બનશે. નિજ્ઞાન અને ટેકનોલોજીનો વિકાસનો માર્ગ વિનાશકારી ન બનાવવા ગૌ આધારિત સમાજ વ્યવસ્થાને સ્વીકારી વિશ્વ કલ્યાણ અર્થે નિમિત્ત બનાવી શકાય તેમ છે. 'રામ રાજ્ય' સ્થાપી શકાય તેમ છે. 'રામ રાજ્ય' સ્થાપના અને 'મીઉંદ્વિંદ્ધ્ર્દ્દ્દુર્કિ થિહટિં' માટે ગૌવિજ્ઞાન જેટલું જલ્દી સમજીને સમાજમાં પ્રસ્થાપિત કરીએ એ સર્વના હિતમાં છે. માનવીય અને પ્રાકૃતિક આપદાઓ સમગ્ર સૃષ્ટિને સંપૂર્ણ પ્રલય તરફ લઈ જાય એ પહેલા જાગી જઈએ તો સારૂ.

ડૉ. વલ્લભભાઈ કથીરિયા
અધ્યક્ષ - ગૌસેવા અ" ગૌચર વિકાસ બોર્ડ-ગુજરાત,
પૂર્વ કેન્દ્રીય મંત્રી - ભારત સરકાર

# સમગ્ર ગુજરાતમાં યોજાયેલ વિશેષ ઝોન બેઠકોની તસ્વીરો



મધ્ય પૂર્વ ઝોન બેઠક




દક્ષિણ ગુજરાત ઝોન ૧ બેઠક



સૌરાષ્ટ્ર ઝોન ૧ બેઠક



દક્ષિણ ગુજરાત ઝોન ૨ બેઠક



મધ્ય ગુજરાત ઝોન બેઠક



સૌરાષ્ટ્ર સાગરી ઝોન બેઠક



દક્ષિણ ગુજરાત ઝોન-૨ બેઠક

તંત્રી : લક્ષ્મણભાઈ પટોળીયા, સહતંત્રી : બાબુભાઈ કે. પટેલ, માલિક-મુદ્રક-પ્રકાશક-કિસાન સંદેશ, પ્રકાશન ટ્રસ્ટ, ગુ.પ્ર. વતી, કેપિટલ ઓફસેટ, જી.આઈ.ડી.સી., સે. ૨૮, ગાંધીનગરથી છપાવી બલરામ મંદિર પરિસર, સે. ૧૨/ડી, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું.